

* આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્ગલ જ નાચે છે; જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. વર્ણાદિમાં પુદ્ગલ નાચે છે, રાગમાં પુદ્ગલ નાચે છે, અભેદજ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. જીવ તો અભેદ એકાકાર છે. તેથી વર્ણાદિ-રાગાદિ પુદ્ગલ જ છે. —સ્વાનુભવપ્રેરણામૂર્તિ, માર્ગપ્રકાશક, પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૩ વિ. સં. ૨૦૪૯ (૫૯૫) *આત્મધર્મ* (અંક-૧૧ વર્ષ-૪૯) વીર સં. ૨૫૧૯ મે, ૧૯૯૩

## 卐 બહેનશ્રી–રત્નચિંતામણિ જન્મમહોત્સવ 卐

[તા. ૨૮–૭–૯૩ થી તા. ૪–૮–૯૩]

ગુરુજન્મોત્સવના આ મંગલ અવસર પર શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા હર્ષોલ્લાસ સહ જાહેર કરવામાં આવ્યું કે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગામી ૮૦મી જન્મજયંતી 'રત્નચિંતામણિ–જન્મમહોત્સવ'ના રૂપમાં મોટા પાયે, સુરતનિવાસી શ્રીમતી સવિતાબેન વ્રજલાલ શાહ પરિવાર તરફથી અત્યાનન્દોલ્લાસ પૂર્વક સુવર્ણપુરી તીર્થધામમાં ઉજવવામાં આવશે. આ રત્નચિંતામણિ–જન્મમહોત્સવ અગામી શ્રાવણ સુદ–૧૦, બુધવાર, તા. ૨૮–૭–૯૩ થી શ્રાવણ વદ ૨, બુધવાર, તા. ૪–૮–૯૩—આઠ દિવસ સુધી 'શ્રી સિદ્ધચક્રમંડલવિધાનપૂજા', અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના આદિ અનેકવિધ ભવ્ય કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

આ 'રત્નચિંતામણિ–જન્મ-મહોત્સવ' વિવિધ ભવ્ય આયોજન પૂર્વક ઉજવવામાં આવશે. તેના અંતર્ગત 'શ્રી સિદ્ધચક્રમંડલવિધાનપૂજા' શાંતિજાપ, પૂજામંડપમાં શ્રી જિનબિંબ બિરાજમાન, નાન્દીવિધાન, અખંડદીપપ્રદીપન, ધર્મધ્વજારોહણ, ઇન્દ્ર ઇન્દ્રાણી સ્થાપના ઇત્યાદિ વિધિ-વિધાનપૂર્વક સમ્પન્ન થશે. ઇન્દ્રોની બે શ્રેણી પ્રથમ રૂા. ૫૦૦૦ અને બીજી રૂા. ૨૫૦૦ વાળી—નક્કી કરવામાં આવી છે. પૂજાના સમયે ઇન્દ્ર-ઇન્દ્રાણી માટે સ્ટેજ પર અલગ સ્થાન નિશ્ચિત રહેશે.

જન્મજયંતીના (શ્રાવણ વદ–૨) રોજ બહેનશ્રીને હીરામણિથી વધાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. તેમાં પણ બે શ્રેણી છે. પ્રથમ રૂા. ૧૦૦૦ અને બીજી રૂા. ૫૦૦ વાળી છે. રૂા. ૫૦૦૦ વાળા પ્રથમ શ્રેણીના ઇન્દ્ર-ઇન્દ્રાણીને રૂા. ૧૦૦૦ વાળી વધાઈની પંક્તિમાં, અને રૂા. ૨૫૦૦ વાળા બીજી શ્રેણીના ઇન્દ્ર-ઇન્દ્રાણીને રૂા. ૫૦૦ વાળી વધાઈની પંક્તિમાં વધાઈનો પ્રથમ લાભ મળશે. ઇન્દ્ર-ઇન્દ્રાણી તથા વધાઈ માટે લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ તા. ૧–૭–૯૩ થી ટ્રસ્ટની ઓફિસમાં જણાવવું. જે પ્રમાણે રકમ ભરાણી હશે તે રીતે ક્રમ આપવામાં આવશે. ઇન્દ્ર-ઇન્દ્રાણી દ્વારા વધાઈ થઈ ગયા બાદ અન્યને પોતાની પંક્તિમાં પોતાના ક્રમ અનુસાર વધાઈનો લાભ પ્રાપ્ત થશે.

આ આનંદકારી મંગલ મહોત્સવની ભવ્ય નિમંત્રણપત્રિકા યથાસમય મુમુક્ષુસમાજને મોકલી આપવામાં આવશે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીના સર્વે ભક્તોને પરિવાર તેમ જ સાધર્મી મુમુક્ષુમંડળ સહિત આ ભવ્ય અવસર પર સોનગઢ પધારવા માટે સુરતનિવાસી શ્રીમતી સવિતાબેન વ્રજલાલ શાહ પરિવાર તરફથી હાર્દિક નિમંત્રણ છે.

—શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

કહાન સંવત-૧૩
વર્ષ-૪૯
અંક-૧૧
[ ૫૯૫ ]

વીર સંવત ૨૫૧૯
સં. ૨૦૪૯
MAY A. D. 1993




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ※ નવ તત્ત્વથી અતીત આત્મ-સ્વરૂપ ※

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૮ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. તેનાં છઠ્ઠા શ્લોકનો અર્થ થઈ ગયો છે. ભાવાર્થ લઈએ.

ભાવાર્થ:—જો કે ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધી વ્યવહારનું અવલંબન છે પરંતુ વ્યવહારનયની અપેક્ષાએ નિશ્ચયનય ઉપાદેય છે કેમકે તેનાથી પદાર્થનું અસલી સ્વરૂપ જણાય છે અને વ્યવહારનય અભૂતાર્થ હોવાથી પરમાર્થમાં પ્રયોજનભૂત નથી.

ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ છે તેનું અવલંબન લેતાં એટલે આત્મા જેવો છે તેવી દૃષ્ટિ થતાં પર્યાયમાં શાંતિ અને આનંદ આવે છે. તેવી દશાને ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે, ત્યારથી નિશ્ચય અને વ્યવહાર શરૂ થાય છે. જ્યાં સુધી ભગવાન આત્મા શુદ્ધ છે એવી દૃષ્ટિ જ નથી અને રાગથી લાભ માને છે-પુણ્યથી ધર્મ માને છે એ તો મૂઢ-મિથ્યાદૃષ્ટિ છે તેને તો ધર્મની શરૂઆત પણ નથી. એ તો પહેલાં ગુણસ્થાનમાં છે. ચોથા ગુણસ્થાનથી જ ધર્મની શરૂઆત થાય છે. જેમ ઉપર જવા માટે પગથિયાં હોય તેમ સિદ્ધ થવા માટેના આ ચોથાથી ચૌદ ગુણસ્થાન સુધીના પગથિયાં છે. ચોથાથી ચૌદમાં ગુણસ્થાન સુધી નિશ્ચય-વ્યવહાર હોય છે.

જુઓ શેઠ! સમ્યગ્દર્શનમાં શાંતિ થાય છે એમ કહ્યું, પૈસાથી શાંતિ થાય એમ ન કહ્યું. પૈસા તો ધૂળ છે, એ ધૂળથી તો શરીરનો રોગ પણ ન મટે. પૈસા હોય તો ડાકટરને બોલાવીને દવા થાય...પૈસા વગર ક્યાંથી થાય? પણ ડાકટર આવીને દવા કરી જાય છતાં માણસને મરી જતાં નથી જોયા? ડાકટર પોતે પણ મરી જાય છે માટે પૈસાથી રોગ કે મરણ રોકાતાં નથી. પૈસાથી શાંતિ થતી નથી. શરીર, સ્ત્રી, પુત્રાદિ પરિવારથી પણ બિલકુલ શાંતિ થતી નથી.

અહીં કહે છે કે ચોથા ગુણસ્થાનથી ચૌદમા સુધી પર્યાયમાં વ્યવહાર હોય છે એટલે ભલે વિકલ્પ ન હો પણ ભેદ છે, યોગનું કંપન છે, અરે, કંપન મટી જાય તોપણ અંશે અશુદ્ધતા છે તે વ્યવહાર છે. આવો વ્યવહાર હોય જ છે પણ તે આદરણીય નથી—ઉપાદેય નથી, શરણ નથી. જ્ઞાનીને નિશ્ચય અને વ્યવહાર બંને હોય છે જ્યારે અજ્ઞાનીને નિશ્ચય પ્રગટ થયો નથી તો તેને વ્યવહાર પણ નથી. ભેદ તો તેને પણ હોય છે પણ અભેદ અખંડ આત્માના ભાન વિના તે ભેદને ભેદરૂપે જાણતો નથી. માટે તેને વ્યવહાર પણ નથી.

જ્ઞાનીને વ્યવહાર છે—ભેદ છે પણ આશ્રય કરવાની અપેક્ષાએ તે ઉપાદેય નથી. ઉપાદેય તો એક પૂર્ણાનંદ રસકંદ આત્મા જ આદરણીય છે. વ્યવહાર છે ખરો પણ ઉપાદેય નથી અને નિશ્ચય છે અને તે ઉપાદેય પણ છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન, એકરૂપ, ધ્રુવ-ધ્રુવ આનંદઘન છે તે જ આત્માનું અસલી સ્વરૂપ છે અંદરનું બીજ છે, નિશ્ચય વડે આવું અસલી સ્વરૂપ જાણવામાં આવે છે. વ્યવહાર વડે આત્માનું આવું સ્વરૂપ જણાતું નથી. વ્યવહાર વડે તો આત્માની રાગવાળી, કંપનવાળી કે ઉદયવાળી પર્યાય જણાય છે પણ આત્માનું અસલી સ્વરૂપ જણાતું નથી માટે વ્યવહાર જૂઠો છે. આ અંદરનો-પર્યાયનો વ્યવહાર પણ જૂઠો છે ત્યાં બહારના વ્યવહારની તો વાત જ ક્યાં રહી? ધંધા આદિના વ્યવહારની તો અહીં વાત જ નથી.

આત્માના અસલી-નિશ્ચય સ્વરૂપના આશ્રયે સમ્યક્ દર્શન થાય છે તેને પર્યાયમાં રાગાદિનો વ્યવહાર હોય છે તે જાણવાલાયક છે પણ આદરવાલાયક નથી.

શ્રોતા—બહુ ઊંચી વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી—પ્રથમમાં પ્રથમ વાત જ આ છે, બાકી તો બધાં એકડાં વિનાના મીંડા છે. વસ્તુનું ખરું સ્વરૂપ કેવું છે એની જ જેને ખબર ન હોય તેને ધર્મ ક્યાંથી થાય? જેને ધર્મ કરવો હોય તેને રાગ અને એક સમયની પર્યાયથી રહિત સિદ્ધ સમાન નિજ આત્મા જ ઉપાદેય છે.

નિજ શુદ્ધાત્માના અસલી સ્વરૂપના ભાવનાવાળાને પણ ભેદરૂપે વ્યવહાર વર્તે છે પણ તે આશ્રય કરવાલાયક કે ઉપાદેય નથી. કેમ કે વ્યવહારને ઉપાદેય કરવાથી વસ્તુનું કાયમી–અસલી શુદ્ધસ્વરૂપ શ્રદ્ધા–જ્ઞાનમાં આવતું નથી. વ્યવહારનો વિષય એક સમયની પર્યાય અને રાગ છે તે કાયમ રહેવાવાળી ચીજ નથી માટે તે પરમાર્થે પ્રયોજનભૂત નથી.

લોકોને બહુ આકરી લાગે તેવી વાત છે. લોકો તો પૈસા પાછળ મજૂરી કરી કરીને મરી જાય છે. આ પૈસાવાળા તો બધાં મોટા મજૂર છે કેમ કે, એ મજૂર તો દિવસના આઠ કલાક જ કામ કરે અને આ તો ચોવીશ કલાક કામ કરે છે. સવારના આઠથી રાતના દશ તો દુકાનમાં ચાલ્યા જાય અને બાકી ઘરમાં ફોનથી મજૂરી તો ચાલુ જ હોય માટે આ પૈસાવાળા મોટા મજૂર છે.

અરિહંત પરમાત્મા એમ ફરમાવે છે કે, તારું કાયમી જ્ઞાનાનંદસ્વરૂપ જે ધ્રુવ છે તે એક જ તારે આદરણીય છે. પર્યાયમાં રાગ અને ભેદ છે તે નથી એમ નથી પણ તે છે એમ જાણવાલાયક છે, આદરવાલાયક નથી.

લોકોને એમ થાય કે અરે! અમે ખાઈ–પીને લહેર કરીએ છીએ એમાં તમે "આત્મા પરના કામ કરે નહિ અને પરને ભોગવે નહિ" એ વાત ક્યાંથી લાવ્યા?

ભાઈ! વસ્તુસ્થિતિ જ એમ છે કે, આત્મા આંખની એક પાંપણને પણ હલાવી શકતો નથી. આત્મા તો અરૂપી છે. અરૂપી પદાર્થ રૂપીને કેવી રીતે કરે? પરને આત્મા અડતો પણ નથી તો પરના કામ તો કેવી રીતે કરે? માત્ર કલ્પના કરે છે કે હું પરના કામ કરું છું. પરના કામ તો પરથી થાય છે જીવ તેનો કર્તા નથી.

તારે સુખી થવું હોય, દુઃખને ટાળવું હોય તો અનંત આનંદનું ધામ તારું શુદ્ધ સ્વરૂપ છે તેના ઉપર દૃષ્ટિ લગાવ. એ સિવાય સુખી થવાનો બીજો કોઈ ઉપાય નથી. તો શિષ્યને પ્રશ્ન થાય છે કે, દૃષ્ટિમાં તો એક આત્મા જ આદરણીય હોય એ બરાબર છે પણ સાથે વર્તમાનમાં કાંઈ વ્યવહાર છે કે નહિ? તેને આચાર્યદેવ કહે છે કે હા, વ્યવહાર હોય છે. સમકિતીને ભક્તિ આદિનો શુભરાગરૂપ વ્યવહાર હોય છે. અને એક સમયની પર્યાય પણ ખરેખર વ્યવહાર છે. આ વ્યવહાર છે એમ માત્ર જાણવા લાયક છે, વ્યવહાર આદરવા લાયક નથી. પરમાર્થે પ્રયોજનભૂત નથી.

હવે સમયસારના છઠ્ઠા શ્લોકનું પદ કહે છે. સમયસારના શ્લોકનું બનારસી દાસજીએ હિન્દીમાં પદ લખ્યું છે આ સાતમા પદમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ બતાવ્યું છે.

शुद्धनय निहचै अकेलौ आपु चिदानंद,
अपैंनैही गुन परजायकौ गहतु है ।
पूरन बिग्यानघन सो है बिवहारमांहि,
नव तत्वरूपी पंच दर्वमैं रहतु है ॥
पंच दर्व नव तत्व न्यारे जीव न्यारौ लखै,
सम्यकदरस यहै और न गहतु है ॥
सम्यकदरस जोई आतम सरूप सोई,
मेरे घट प्रगटो बनारसी कहतु है ॥ ७ ॥

અર્થ:—શુદ્ધ નિશ્ચયનયથી ચિદાનંદ એકલો જ છે. શુદ્ધ નિશ્ચય એટલે સત્ય દૃષ્ટિથી જોઈએ તો જ્ઞાનાનંદ ભગવાન આત્મા એકલો જ છે. શરીર, વાણી, મન અને પુણ્ય-પાપથી ભિન્ન આત્મા એકલો જ છે. સમય-સમયની પર્યાયોથી પણ આત્મા ભિન્ન છે. શુદ્ધજ્ઞાનથી જોઈએ તો ચિદાનંદ ભગવાન અનાદિ-અનંત ધ્રુવરૂપે બિરાજે છે. અત્યારે પણ એમ જ છે. માન્યતામાં માની લીધું છે કે, હું મનુષ્ય છું, રાગી-દ્વેષી છું એ ભ્રમ છે-અજ્ઞાન છે-મૂર્ખની મૂર્ખાઈ છે.

જેને પૈસાની રુચિ હોય તે પૈસાવાળાને મોટા માને છે બાકી અહીં તો ગરીબ હો કે પૈસાવાળા હો જેની માન્યતા જ ઊંધી છે તે બધાં કોડા છે-મૂર્ખાઈમાં મોટા છે. અહીં તો જે ગુણમાં મોટા છે એવા અરિહંત અને સિદ્ધભગવંતો તે 'મોટા' છે

નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો ચિદાનંદ ભગવાન અનાદિ-અનંત જ્ઞાનાનંદથી ભરેલો છે તે એક જ સંતોને આદરણીય છે. જ્ઞાની કે અજ્ઞાની દરેકનો આત્મા નિશ્ચયથી સદાય શુદ્ધ જ છે પણ અજ્ઞાની પોતે પોતાની ભૂલથી જ તેને ચૂકી ગયો છે માટે તેને દેખાતો નથી. પરને દેખવા ગયો ત્યાં પોતાને દેખવાનું ભૂલી ગયો. આ પૈસા...આ મકાન...આ બધાં મારા એમ પરને જોવા ગયો ત્યાં ચૈતન્ય એની દૃષ્ટિમાંથી ખોવાઈ ગયો. જેની દૃષ્ટિમાં પુણ્ય-પાપ અને તેના ફળની અધિકતા દેખાય છે તેની દૃષ્ટિમાંથી ચિદાનંદ ભગવાન આત્મા ખોવાઈ જાય છે.

ત્રિકાળ ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું જ નામ સમ્યગ્દર્શન છે.

**अपनैंहि गुन परजायकौ गहतु है ।** ભગવાન આત્મા સમજણનો પિંડ છે તે પોતાના ગુણ-પર્યાયને ગ્રહે છે, તે રાગને, વિકલ્પને કે પરને ગ્રહતો નથી. રાગ,

વિકલ્પ ને વિકારરૂપે પરિણમે છે તે આત્મા નથી. જે નિર્મળ ગુણરૂપે પરિણમે છે તે જ આત્મા છે. તે જ સત્ચિદાનંદ છે. આત્માને 'સત્ચિદાનંદ' તો ઘણાં કહે છે પણ તેના અર્થને યથાર્થ જાણતાં નથી.

પરના કાર્ય હું કરી દઉં...ધંધામાં ઊંડો રસ લઈને કમાણી વધારી દઉં... ખૂબ પૈસા પેદા કરી દઉં એમ માનનારો મૂઢ પરનો સ્વામી થઈને અનાત્મા થાય છે, એમ પુણ્ય-પાપરૂપે હું પરિણમું છું એમ માનનારો પણ અનાત્મા છે, આત્મા નથી.

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનનું ધામ છે તે પોતે આનંદ અને જ્ઞાનરૂપે પરિણમે તેને આત્મા કહેવાય. આત્મા પરપણે પરિણમતો તો નથી પણ પરને કરતો પણ નથી અને દયા, દાન, વ્રત, ભક્તિના શુભરાગ અને હિંસા, જૂઠ, ચોરી. કુશીલ આદિ અશુભરાગરૂપ વિકારરૂપે પણ આત્મા પરિણમતો નથી. અર્થાત્ એ ભાવરૂપે પરિણમે છે તેને આત્મા કહેતાં નથી, તે અનાત્મા છે.

આ તો પરમાત્મા તીર્થંકરદેવનો કહેલો માર્ગ છે. લોકોને આ માર્ગ મળ્યો નથી એટલે આ વાત બહુ ઊંચી છે એમ લાગે છે પણ ઊંચી નથી. પહેલાંમાં પહેલી આ વાત છે. સુખી થવાની રીત અને પંથ એક આ જ છે. બાકી બધાં રખડવાના પંથ છે તેમાં અજ્ઞાનીઓ મૂઠ્ઠીવાળીને દોડી રહ્યાં છે.

ચિદાનંદ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન ને આનંદનો કંદ છે અને જ્ઞાન-આનંદનું પરિણમન થાય છે તે તેની પર્યાય છે. અશુદ્ધ પરિણમન થાય છે તે આત્માનું પરિણમન નથી. 'આત્મા' તે વસ્તુ-દ્રવ્ય છે, 'ચિદાનંદ' તે તેનો ગુણ છે અને જ્ઞાન, આનંદરૂપે પરિણમે તે તેની પર્યાય છે. આમ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય શુદ્ધ છે. સમ્યગ્દર્શનમાં આત્માની પ્રતીત થતાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય શુદ્ધ છે. અશુદ્ધ પરિણમન એ પણ આત્માનું નથી ત્યાં સ્ત્રી-પુત્રાદિ તો ક્યાંય દૂર રહ્યાં. તેને મારા માને છે એ તો જડનો ધણી છે.

જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જાણીને તે રૂપે પરિણમવું એ આત્માનું રૂપ છે. શુદ્ધ ચિદાનંદઘન એ ચિદાનંદસ્વભાવવાળો સ્વભાવવાન છે એવી દૃષ્ટિ થાય ત્યાં પર્યાયમાં શ્રદ્ધાપણે થવું, જ્ઞાનપણે થવું, ચારિત્રપણે થવું, આનંદપણે થવું, શુદ્ધતાપણે થવું તે તેના ગુણોનું પરિણમન છે. રાગાદિ થાય-વિકલ્પ થાય તે તેનું પરિણમન નથી.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ ગણધરો અને ઇન્દ્રોની હાજરીમાં, અબજો દેવોના સમુદાયમાં આમ વસ્તુસ્વરૂપ બતાવતા હતા તે જ અહીં કુંદકુંદ આચાર્ય અને

અમૃતચંદ્ર આચાર્ય ફરમાવે છે અને તેનો જ અર્થ બનારસીદાસજી પદ્યમાં કહે છે અને તે જ એક એક શબ્દોનો અર્થ અહીં થાય છે.

शुद्धनय निहचै अकेलौ आपु चिदानंद अपनै ही गुन परजायको गहतु है।
વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ પોતાના ગુણની પર્યાય નથી એમ કહે છે. દેવ-શાસ્ત્ર-ગુરુને માનવાનો વિકલ્પ તે મારી પર્યાય નથી. કેમ?—શુદ્ધવસ્તુની પર્યાય શુદ્ધ હોય કે અશુદ્ધ હોય? ચૈતન્યની ખાણમાં અશુદ્ધતા ભરી નથી. તો અશુદ્ધતા આવે કયાંથી! આત્મા તો પવિત્રતાનો પિંડ છે માટે પવિત્ર નિર્દોષ દશા થાય એ જ તેની પર્યાય છે.

આનો અર્થ એ થયો કે, પોતાના દ્રવ્યને જે આદરે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય જ એવો તેનો સ્વભાવ છે. દ્રવ્યની દ્રષ્ટિ કરે અને નિર્મળતા ન પ્રગટે એમ કેમ બને? સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદ અને શાંતિપણે પરિણમવું એ જ આત્માનો સ્વભાવ છે.

નવા માણસને એમ થાય કે, આ શું કહે છે! ભગવાનના દર્શન કરવા, નવકાર ગણવા, ભક્તિ કરવી તેને ધર્મ કહેવાય. 'શિવપદ અમને દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો' એમ ભક્તિ કરીએ તો શિવપદ મળે. પણ ભાઈ! તારું શિવપદ ભગવાન પાસે છે? તારું શિવપદ તો તારી પાસે છે તેની દૃષ્ટિ કર તો તે રૂપે પરિણમવું એ સ્વભાવ જ છે માટે જરૂર પરિણમન થશે. મિથ્યાત્વ અને ક્રોધ-માનાદિ રૂપે પરિણમવાનો તો જીવનો સ્વભાવ ન હતો છતાં ઉઠાવગીર થઈને એવું અજ્ઞાન ઊભું કર્યું છે. પણ પોતાના શ્રદ્ધા-જ્ઞાન-આનંદરૂપે પરિણમવાનો તો જીવનો સ્વભાવ જ છે.

મનુષ્યભવમાં આ કરી લેવા જેવું છે ભાઈ! જુઓને! નાની નાની ઉંમરમાં માણસો ચાલ્યા જાય છે. અરે, જે કરવાનું છે તે કરે નહિ અને નહિ કરવાનું કરીને જિંદગી ખોઈ બેઠા. હવે એનું કામ કયારે થાય?

વ્યવહારને ગ્રહણ કરવો કે નિમિત્તને ગ્રહણ કરવું એવો જીવનો સ્વભાવ જ નથી. નિર્મળ પર્યાયને ગ્રહણ કરવી એ તેનો સ્વભાવ છે. અહા! આ વીતરાગનો ધર્મ કોઈ અલૌકિક છે.

**पूरन विग्यानघन सो है विवहारमाहिं,** ભગવાન આત્મા વિજ્ઞાનઘન છે. જેમ પાંચ મણની બરફની શીલા હોય તેમ આ આત્મા પૂર્ણ જ્ઞાન અને શાંતિની મોટી શિલા છે. દેહની અંદર પણ દેહના રજકણથી ભિન્ન જ્ઞાનાનંદની શિલા છે. વ્યવહારથી તે પાંચ દ્રવ્ય અને નવ તત્ત્વમાં રહેલો છે પણ તે નવરૂપે થતો નથી. વર્તમાન પર્યાયમાં કામ, ક્રોધાદિ હતાં તે ટળીને સંવર નિર્જરા થાય છે માટે આત્મા નવતત્ત્વરૂપે પર્યાયમાં થાય છે પણ ખરેખર વસ્તુ-દ્રવ્ય છે તે નવપણે થતું નથી.

આ બનારસીદાસ વ્યભિચારી-શૃંગારી હતાં પણ સત્સમાગમ થયો ત્યાં ગુલાંટ ખાઈ ગયાં—આખી દૃષ્ટિ ફરી ગઈ. અરે! અમે તો આત્મા છીએ અતીન્દ્રિય આનંદના ઘન છીએ, અમારું પરિણમન તો શુદ્ધ જ હોય. અમે વિજ્ઞાનઘન છીએ છતાં પર્યાયમાં નવતત્ત્વરૂપે પરિણમન થાય છે. વ્યવહારથી જીવ પાંચ દ્રવ્યમાં રહેલો છે એમ પણ કહેવાય છે, જિનાગમમાં એટલે પ્રવચનસારમાં છ દ્રવ્ય કહ્યાં છે પણ અહીં કાળને ગૌણ કરીને પંચાસ્તિકાયને જ દ્રવ્ય કહ્યાં છે.

**पंच दर्व नव तत्त्व न्यारे जीव न्यारौ लखै.** આકાશ, ધર્મ, અધર્મ, પુદ્ગલ અને પોતા સિવાય સર્વ જીવથી આ જીવ ભિન્ન છે. અનંત સિદ્ધો અને દેવ-શાસ્ત્ર-ગુરુથી આ આત્મા ભિન્ન છે. અરે, સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ દ્રવ્યથી ભિન્ન છે. વસ્તુ એકરૂપ ધ્રુવ અનાદિ અનંત સત્ ચિદ્ છે તે કાંઈ નવરૂપે થયો નથી. વ્યવહારથી નવતત્ત્વરૂપે થાય છે પણ નિશ્ચયથી આત્મા નવપર્યાયરૂપે થતો નથી. આત્મા નવથી ભિન્ન છે. 'लखै' નો અર્થ અહીં 'શ્રદ્ધે' છે એમ લેવો. જે આત્માને પાંચ દ્રવ્ય અને નવતત્ત્વથી ભિન્ન શ્રદ્ધે છે—માને છે-અનુભવે છે તે સમ્યગ્દર્શન છે.

કળશટીકામાં આ કળશના અર્થમાં રાજમલજીએ નવતત્ત્વરૂપ આત્માના અનુભવને મિથ્યાત્વ કહ્યું છે. તેમાં સંવર-નિર્જરા અનાદિના જે અશુદ્ધ છે તેની વાત લીધી છે, શુદ્ધ સંવર-નિર્જરાની વાત નથી.

અહીં કહે છે આત્મા આકાશાદિ પાંચ દ્રવ્યોથી ભિન્ન છે, બીજાના અસ્તિત્વથી -બીજાના હોવાપણાથી જીવનું અસ્તિત્વ નથી. પાંચ દ્રવ્ય અને નવતત્ત્વથી આત્માનું હોવાપણું તદ્દન નિરાળું છે. માટે આત્માને એ બધાંથી નિરાળો જોવો એટલે શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન છે. **सम्यकदरस यहै और न गहतु है।** છઢાળામાં દૌલતરામજીએ પણ લખ્યું છે 'પરદ્રવ્યનતે ભિન્ન આપમેં રૂચિ સમ્યકત્વ ભલા હૈ'.

**सम्यकदरस जोइ आतम सरूप सोई।** સમ્યગ્દર્શનમાં આત્મા અખંડ પૂર્ણાનંદ છે એમ જોયું તે આત્માનો સ્વભાવ જ છે. રાગ અને દયા, દાનના વિકલ્પો તે આત્માનું સ્વરૂપ નથી અને તેના વડે આત્માનું સ્વરૂપ દેખાતું નથી. સમ્યગ્દર્શનમાં જ આત્મા જેવો છે તેવો શ્રદ્ધામાં આવે છે.

**मेरे घट प्रगटो बनारसी कहतु है।** પં. બનારસીદાસજી કહે છે એવું આત્માનું સ્વરૂપ મને પ્રગટ થાઓ અર્થાત્ મારા જ્ઞાનની પૂર્ણદશા પ્રગટ થાઓ. એમ કરીને સિદ્ધપદને આમંત્રણ આપે છે.

આ સમયસારના છઠ્ઠા શ્લોકનું સાતમું પદ થયું. હવે સાતમા શ્લોકનું આઠમું પદ કહે છે તેમાં જીવની દશા ઉપર અગ્નિનું દૃષ્ટાંત આપે છે.

जैसें तृण काठ बांस आरने इत्यादि और,
इँधन अनेक विधि पावकमैं दहिये ।
आकृति विलोकित कहावै आग नानारूप,
दीसै एक दाहक सुभाव जब गहिये ॥
तैसें नवतत्त्वमैं भयौ है बहु भेषी जीव,
सुद्धरूप मिश्रित असुद्ध रूप कहिये ।
जाही छीन चेतना सकतिकौ विचार कीजै,
ताही छिन अलख अभेदरूप लहिये ॥ ८ ॥

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ શું કહે છે તેની જેને ખબર નથી—સમજણમાં જ ફેર છે-વાદ-વિવાદમાં પડયા છે તેને સમ્યગ્દર્શન થતું નથી. પોતાની કલ્પના અનુસાર વસ્તુનું સ્વરૂપ માને અને ધનવાન હોય તો દાન દઈને મંદિર આદિ બંધાવે અને માની લે કે, અમને ધર્મ થઈ ગયો તો એમ માની લેવાથી ધર્મ થઈ જતો નથી. મંદિર બને છે એ તો પુદ્‌ગલથી બને છે અને બનાવવાનો ભાવ છે તે શુભરાગ છે તેનાથી પુણ્ય બંધાય છે પણ ધર્મ થતો નથી. ધર્મ તો અંદરમાં આનંદ મંદિર ખોલવાથી થાય છે.

**जैसें तृण काठ**....આદિ અનેક ઇંધન અગ્નિમાં જલે છે તેની આકૃતિ ઉપર ધ્યાન દેવાથી અગ્નિ અનેકરૂપ દેખાય છે પણ અગ્નિના દાહકસ્વભાવ ઉપર દૃષ્ટિ કરો તો અગ્નિ એકરૂપ જ છે. જંગલમાં સૂકાઈ ગયેલું છાણ જેને અડાયાં કહેવાય છે તેનો આકાર જુદો હોય, કુંવળ બાળે તેનો આકાર જુદો હોય, પાંદડાનો જુદો હોય, શેરડીના છોતાં બાળે તેનો આકાર પણ જુદો હોય, માણસને બાળે ત્યારે અગ્નિમાં ઉપરથી માણસનો આકાર દેખાય પણ ખરેખર અગ્નિનો સ્વભાવ જુઓ તો દાહક...દાહક...દાહક છે. એકરૂપ દાહકભાવ છે.

બનારસીદાસજી દાખલા આપીને સહેલું કરીને સમજાવે છે.

दीसै एक दाहक सुभाव जब गहिये । જુદાં જુદાં ઇંધન અગ્નિમાં બળી રહ્યા છે એ જ વખતે અગ્નિને તેના એક દાહકસ્વભાવથી જુઓ તો બધી અગ્નિ એકરૂપ છે. તેમાં અનેક આકાર ગૌણ છે, એક દાહકસ્વભાવ મુખ્ય છે.

तैसे नवतत्त्वमैं भयो है बहु भेषी जीव, અગ્નિની જેમ વ્યવહારનયથી જીવ નવતત્ત્વમાં શુદ્ધ, અશુદ્ધ, મિશ્ર આદિ અનેકરૂપે થઈ રહ્યો છે. રાગરૂપ થાય છે, બંધરૂપ થાય છે, સંવરરૂપ થાય છે, નિર્જરા અને મોક્ષરૂપ થાય છે તે બધાં આત્માના વેપ છે. મોક્ષ પણ એ વેપ છે હો. કેમ કે, તે અવસ્થા છે, ગુણ નથી.

આમ, આત્મા વ્યવહારથી નવતત્ત્વરૂપે થતો હોવા છતાં તેના ચેતના સ્વભાવથી જુઓ તો તે ત્રિકાળ એક ચેતનાસ્વભાવરૂપ જ છે. ચેતના...ચેતના....ચેતના...ત્રિકાળ એકરૂપ વિજ્ઞાનઘન છે તેમાં ભેદો બધાં ગૌણ થઈ જાય છે.

जाही छिन चेतना सकतिकौ विचार कीजै, ताही छिन अलख अभेदरूप लहिये। જે ક્ષણે આત્માની ચેતનાશક્તિનો વિચાર કરવામાં આવે છે ત્યારે તે અરૂપી અને અભેદરૂપ ગ્રહણ થાય છે. જે ક્ષણે ચૈતન્યશક્તિનું સત્ત્વ જુઓ તે ક્ષણે અલખ નામ વિકલ્પથી અને ભેદથી ન જણાય તેવો આત્મા સ્વસંવેદનથી જાણ્યો જાય છે—અનુભવમાં આવે છે. જેવો અલખ અને અભેદ છે તેવો સ્વસંવેદનમાં આવે છે.

મારગ જરાં કઠણ તો છે પણ સરળ ભાષામાં આવે છે માટે અભ્યાસ હોય તો સમજાય તેવી વાત છે, ન સમજાય એવું કાંઈ નથી. અગ્નિને લાકડાની અગ્નિ, તરણાની અગ્નિ, છાણાંની અગ્નિ એમ દાહકના આકારથી જુઓ તો અગ્નિ અનેકરૂપે દેખાય છે પણ અગ્નિને દાહકરૂપે જુઓ તો દાહક...દાહક ...દાહકરૂપે અગ્નિ એકરૂપ છે તેમ આત્માને જીવનો વિકલ્પ, અજીવનો વિકલ્પ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષરૂપે જુઓ તો આત્મા અનેકરૂપે દેખાય પણ આત્માને ચૈતન્ય... ચૈતન્ય...ચૈતન્યરૂપે જુઓ તો આત્મા એકરૂપ ચૈતન્ય છે.

આત્મા એકરૂપ નિત્ય ધ્રુવ અરૂપી અભેદરૂપે દૃષ્ટિમાં આવે છે તેને જ આત્મા કહેવામાં આવે છે. [ ક્રમશઃ ] —o—

[ આત્માની પર્યાયમાં અશુદ્ધતા......પેજ ૧૬થી ચાલુ ]

રહેતું જ નથી. જો અનાદિથી જીવ મુક્ત જ હોય તો પછી બંધ જ સિદ્ધ થતો નથી. બંધ હોય તો જ તેનાથી છૂટકારો થઈ શકે. જો બંધ જ ન હોય તો 'મુક્તિ' કહેવી નિરર્થક છે.

બંધન ન હોય તેને સ્વભાવ તરફ પુરુષાર્થ કરવાનો રહેતો નથી, પરમાત્મસ્વરૂપ તરફ નજર કરવાની જ રહેતી નથી માટે પર્યાયમાં બંધ છે, વિકાર છે, અલ્પજ્ઞપણું છે એ સિદ્ધ કરીને તેની મુક્તિનો ઉપાય બતાવ્યો છે કે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ તારી વસ્તુનો આશ્રય કરતાં બંધ છૂટીને મુક્તિ થાય છે. [ ક્રમશઃ ] —o—

# આત્માની પર્યાયમાં અશુદ્ધતા ન જ હોય તો મુક્ત થવાનો ઉપદેશ નિરર્થક જાય

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૧ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં પહેલાં ભાગની ૫૮મી ગાથા ચાલે છે.

સ્વભાવથી આ જીવ અખંડ છે, અનાદિનો છે, માટે કહ્યું કે હે શિષ્ય! શુદ્ધ, બુદ્ધ, અખંડ સ્વભાવ આત્માને તું દ્રવ્ય જાણ. આત્મા શુદ્ધ એટલે પવિત્ર છે, બુદ્ધ એટલે એકલો જ્ઞાનનો પિંડ છે, એક છે અને અખંડ છે એવા સ્વભાવવાનને જીવદ્રવ્ય કહેવામાં આવે છે. તેમાં જ્ઞાન અને દર્શન એ બે મુખ્ય ગુણ છે.

તેમાંથી જ્ઞાનગુણના આઠ ભેદ છે એટલે આઠ પ્રકારની દશા છે તેમાંથી કુમતિ, કુશ્રુત અને વિભંગજ્ઞાન એ ત્રણ મિથ્યાજ્ઞાન છે તે પણ આત્મામાં આત્માથી આત્માની દશા છે તે કોઈ બીજા દ્રવ્યના કારણે નથી એમ અહીં સિદ્ધ કરવું છે અને પાંચ સમ્યગ્જ્ઞાનની પર્યાય છે તે પણ પોતાની પોતાથી થયેલી પર્યાય છે. સમ્યક્‌મતિ, સમ્યક્‌શ્રુત, સમ્યક્‌અવધિ અને સમ્યક્ મનઃપર્યાયજ્ઞાન આ ચાર અપૂર્ણ દશા છે અને કેવળજ્ઞાન પૂર્ણશુદ્ધ દશા છે.

ત્રણ અજ્ઞાન અને ચાર જ્ઞાનની પર્યાય ખંડ-ખંડ છે અને અશુદ્ધ છે માટે તે આદરણીય નથી અને કેવળજ્ઞાન પૂર્ણ છે—અખંડ છે અને શુદ્ધ છે માટે તે આદરણીય નામ પ્રગટ કરવાલાયક છે. તો પ્રશ્ન થાય કે તે કેમ પ્રગટ થાય?—કેવળજ્ઞાન પર્યાય જેમાંથી આવે છે તે જ્ઞાન ગુણના ધરનાર દ્રવ્યની દૃષ્ટિ કરવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. મનુષ્યપર્યાય છે અને વજ્રનારાચ સંહનન છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી.

જ્ઞાનગુણના આઠ પ્રકાર કહ્યાં. તેમ દર્શનગુણની પર્યાયના ચાર પ્રકાર છે. (૧) કેવલદર્શન (૨) અવધિદર્શન (૩) ચક્ષુદર્શન અને (૪) અચક્ષુદર્શન. તેમાં કેવલદર્શન આખું અખંડ છે અને શુદ્ધ છે માટે તે આદરણીય નામ પ્રગટ કરવાલાયક છે. તે કેમ પ્રગટ થાય?—કે, દર્શનગુણના ધરનાર નિજ આત્માનો આશ્રય કરવાથી કેવલદર્શન પ્રગટ થાય છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ત્રણેય પર્યાય ખંડ છે અને અશુદ્ધ છે માટે તે હેય છે, ઉપાદેય નથી. ઉપાદેય એક કેવળદર્શન જ છે કેમ

કે તે આત્માની દર્શનગુણની એક શુદ્ધ અને અખંડ પર્યાય છે અને તે આત્માના આશ્રયે જ પ્રગટ થાય છે.

આ જીવના જ્ઞાન અને દર્શન જે મુખ્ય ગુણ છે તેની વાત થઈ. હવે, બાકીના ગુણોના બે પ્રકાર કહે છે. (૧) સાધારણ (૨) અસાધારણ તેમાં સાધારણ ગુણ એટલે ઘણાં દ્રવ્યોમાં જે હોય તેને સાધારણગુણ કહેવાય. જે કોઈ ખાસ દ્રવ્યમાં જ હોય બીજા દ્રવ્યોમાં ન હોય તેવા ગુણને અસાધારણગુણ કહેવાય છે. દા.ત. 'અમૂર્તગુણ' છે તે પુદ્‌ગલ દ્રવ્ય સિવાયના પાંચેય દ્રવ્યમાં છે માટે તેને સાધારણગુણ કહેવાય અને પુદ્‌ગલની અપેક્ષાએ તેને અસાધારણગુણ કહેવાય. 'પ્રદેશત્વગુણ' કાળદ્રવ્ય અને પરમાણુ સિવાય બાકીના બધાં દ્રવ્યોમાં છે—ઘણાં દ્રવ્યોમાં છે એ અપેક્ષાએ તેને સાધારણગુણ કહેવાય છે અને કાળદ્રવ્યમાં તે નથી માટે કાળદ્રવ્યની અપેક્ષાએ તેને અસાધારણગુણ કહેવાય છે.

તારા ઘરમાં કેટલાં ગાદલાં-ગોદડાં આદિ છે તેની તને ખબર છે પણ તારા દ્રવ્યમાં કેટલાં અને કેવા કેવા ગુણો છે તેની કેવી પર્યાય છે, કેટલું ક્ષેત્ર છે-તારું અસ્તિત્વ કેવું છે તેની તને ખબર નથી માટે યોગીન્દ્રદેવ અહીં તને તારું આખું સ્વરૂપ બતાવે છે.

પુદ્‌ગલનું પણ જ્ઞાન કરાવે છે તેમાં પુદ્‌ગલની મુખ્યતા થઈ જતી નથી. મુખ્યપણું તો હંમેશા જ્ઞાનનું જ છે. તું મફતનો પુદ્‌ગલનું મુખ્યપણું માની બેઠો છો.

સાધારણ અને અસાધારણના ભેદ વનસ્પતિમાં છે તે આ પ્રમાણે છે કે જે વનસ્પતિના એક શરીરમાં અનંત જીવ હોય તે નિગોદ અથવા સાધારણ વનસ્પતિ છે અને એક શરીરમાં એક જીવ હોય તેને પ્રત્યેક અથવા અસાધારણ વનસ્પતિ કહેવાય છે.

અહીં તો છએ દ્રવ્યના ગુણો અને તેનું ક્ષેત્ર કેવી રીતે છે તે ભગવાને કહ્યું છે તેમ કહેવાય છે.

'મૂર્તિકગુણ' પુદ્‌ગલદ્રવ્યમાં જ છે, અન્યદ્રવ્યમાં નથી માટે તેને અસાધારણ ગુણ કહેવાય છે અને અસ્તિત્વ ગુણ પુદ્‌ગલમાં પણ છે અને અન્ય સર્વ દ્રવ્યોમાં પણ છે માટે તે સાધારણગુણ છે. એક જ ગુણ બધાં દ્રવ્યોમાં વ્યાપેલો છે એમ નથી પણ અસ્તિત્વ એટલે હોવાપણું દરેકમાં છે માટે તેને સાધારણગુણ કહેવાય છે.

શ્રોતા :—આમાં તો શબ્દો જ એવા છે કે માણસ ગૂંચવાઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :—શબ્દો એવા છે માટે ગૂંચવાતો નથી પણ તેને પકડતાં આવડતું નથી માટે ગૂંચવાય છે.

અસ્તિત્વ ગુણની જેમ વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ અગુરુલઘુત્વ આદિ ગુણો બધાં દ્રવ્યોમાં છે માટે તેને સાધારણ ગુણ કહેવાય છે. ' ચેતનપણું ' એક જીવ દ્રવ્યમાં જ છે અન્ય દ્રવ્યમાં નથી માટે તે તેનો વિશેષગુણ છે અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ગુણો પુદ્‌ગલમાં જ છે, અન્ય દ્રવ્યોમાં નથી માટે તે પુદ્‌ગલના વિશેષગુણો છે.

જીવ અને પુદ્‌ગલ આ બે દ્રવ્યનું કથન આવી ગયું. હવે બાકીના ચાર દ્રવ્ય—ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ તેનું સ્વરૂપ કહે છે. તે તે દ્રવ્યનું ત્રિકાળી સ્વરૂપ જે છે તે તેનું દ્રવ્ય છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણો છે અને સ્વભાવપરિણતિ પર્યાય છે. આ ચાર દ્રવ્યોમાં વિભાવગુણ અને વિભાવપર્યાય નથી.

જુઓ ! જગતના આ બધાં પદાર્થોને એક ક્ષણમાં જાણવાની તાકાતવાળો આ આત્મા છે.

જીવ અને પુદ્‌ગલ આ બે દ્રવ્યમાં સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય બંને છે. એક પરમાણુમાં સ્વભાવપર્યાય છે અને સ્કંધમાં વિભાવપર્યાય છે. અને જીવમાં કેવળજ્ઞાન એ સ્વભાવપર્યાય છે અને ચાર જ્ઞાન વિભાવપર્યાય છે, રાગાદિ અશુદ્ધતા પણ વિભાવ છે. સિદ્ધોને માત્ર સ્વભાવદશા જ હોય છે, વિભાવ હોતો નથી અને સંસારીને વિભાવની મુખ્યતા છે એટલે સંસારીને પણ સ્વભાવ તો છે પણ મુખ્યપણે વિભાવ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એટલી શુદ્ધતા છે બાકી રાગાદિ અશુદ્ધતા છે તેટલો વિભાવ છે. સિદ્ધોને તો એકલો સ્વભાવ છે. એ જ રીતે પરમાણુમાં એકલી સ્વભાવદશા જ છે અને સ્કંધમાં એકલી વિભાવદશા જ છે.

બહુ ટૂંકામાં આ ચૌદ બ્રહ્માંડમાં રહેલાં છ દ્રવ્યોના ગુણ અને પર્યાયની વ્યાખ્યા કરી. આ સમજાઈ ગયું ?–ન સમજાયું હોય તો ઉપરથી ફરી લઈએ.

જગતમાં અનંત જીવો છે તે દરેક શુદ્ધ, બુદ્ધ, અખંડ સ્વભાવી છે, તેમાં જ્ઞાન અને દર્શન બે મુખ્ય ગુણ છે. જ્ઞાનની આઠ દશા છે. તેમાંથી ' કેવળજ્ઞાન ' પર્યાય અખંડ અને પૂર્ણ શુદ્ધ હોવાથી ઉપાદેય છે. બાકીની સાત પર્યાય અપૂર્ણ અને અશુદ્ધ હોવાથી હેય છે. દર્શનગુણની ચાર દશા છે તેમાંથી ' કેવળદર્શન ' સકલ છે, પૂર્ણ છે અને શુદ્ધ છે માટે તે ઉપાદેય છે અને બાકીની ત્રણ પર્યાય વિકલ અને અશુદ્ધ હોવાથી હેય છે. જીવદ્રવ્યમાં બધી શક્તિ ભરેલી છે તેની સામું જોવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થાય છે.

પુદ્‌ગલદ્રવ્ય સિવાયના પાંચ દ્રવ્યો અમૂર્તિક છે, પુદ્‌ગલ મૂર્તિક છે, માટે અમૂર્તિક ગુણ પાંચ દ્રવ્યોની અપેક્ષાએ સાધારણગુણ છે અને પુદ્‌ગલની અપેક્ષાએ અસાધારણગુણ

છે. જીવાદિ પાંચ દ્રવ્યો બહુ પ્રદેશી છે અને કાળદ્રવ્ય તથા છૂટો પરમાણુ એકપ્રદેશી છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ અનંત ગુણો તો એવા છે કે જે દરેક દ્રવ્યમાં રહેલા છે માટે તેને સામાન્યગુણ કહેવાય છે, અને જીવમાં ચેતનપણું પુદ્ગલમાં સ્પર્શ, રસાદિપણું એ તેના વિશેષગુણ છે. જીવ-પુદ્ગલ બે દ્રવ્યમાં જ વિભાવદશા અને સ્વભાવદશા બંને હોય છે. બાકીના ચાર દ્રવ્યોમાં એકલી સ્વભાવદશા જ છે, વિભાવદશા નથી. આટલામાં બધો સરવાળો આવી ગયો. આ બહુ પલાખાં શીખવાના નથી પણ જ્ઞાનમાં ખ્યાલમાં લેવાની વાત છે. જ્ઞાનનો એવો સ્વભાવ છે કે વસ્તુમાં જે રીતે જેટલાં પ્રકારો હોય તે બધાં જણાય છે. જ્ઞેયો જ્ઞાનમાં આવે નહિ, જ્ઞાન જ્ઞેયમાં જાય નહિ છતાં બધું જ જાણી લે એવો જ્ઞાનનો સ્વભાવ છે.

અત્યારે જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણવું ભલે ન થાય પણ પરોક્ષ જાણવું એ પણ પ્રમાણજ્ઞાન છે. પરોક્ષજ્ઞાન કાંઈ અપ્રમાણ નથી, સાચું છે. અત્યારે જ્ઞાનની પર્યાયમાં 'આ હું છું અને આ પર છે' એમ બધું જાણવાની તાકાત છે. પણ એણે કદી એ જાતનો વિચાર જ કર્યો નથી.

ભગવાન આત્મા શુદ્ધ, બુદ્ધ, અખંડ, નિર્વિકલ્પ વસ્તુ છે તેનાં અતીન્દ્રિય સુખનો અનુભવ જે નિર્વિકલ્પભાવમાં થાય છે તેની પ્રાપ્તિ માટે શુદ્ધ ગુણ-પર્યાયના વ્યાખ્યાનની મુખ્યતાથી આઠ દોહા કહે છે. તેમાં પ્રથમ ચાર દોહામાં અનાદિથી જીવને કર્મ સાથેના સંબંધનું વ્યાખ્યાન કહેશે અને પછીના ચાર દોહામાં કર્મનું ફળ કહેશે. કર્મરહિત જીવની દૃષ્ટિ કરાવવા માટે આ કર્મનો સંબંધ કેવી રીતે થયો તે બતાવે છે.

ભગવાન આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વતંત્ર છે અને કર્મના પરમાણુના દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વતંત્ર છે. બંને સ્વતંત્ર હોવા છતાં જીવના વિકારને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. અનાદિકાળથી આવો સંબંધ ચાલ્યો આવે છે. પહેલાં કર્મ સાથે સંબંધ ન હતો અને પછી નવો થયો એમ નથી. જેમ ખાણમાં સોનું અને માટી સાથે રહેલા છે. તેને કોઈએ ભેગા કર્યા નથી કે સોનાએ માટીને કરી નથી અને માટીએ સોનાને ઉપજાવ્યું નથી. બંને પહેલેથી સાથે છે. તેમ જીવ અને કર્મ અનાદિથી સાથે છે. તેને કોઈએ ભેગા કર્યા નથી કે કર્મે જીવને બનાવ્યો નથી અને જીવે કર્મને ઉપજાવ્યા નથી. બંને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી સાથે રહેલાં છે. એ જ અહીં સિદ્ધ કરવું છે.

શ્રીમદ્‌માં આવે છે, 'જીવ અને કર્મ અનાદિઅનંત છે...કોઈ ન કર્તા તેહનો, ભાખે જિનભગવંત' શ્રીમદે ટૂંકામાં ઘણું કહી દીધું છે.

કર્મ એ પુદ્ગલની વિકારી પર્યાય છે. તેને પુદ્ગલે ઉપજાવી છે. જીવ તેનો કર્તા નથી. જીવ પોતાની પર્યાયને કરે કે પુદ્ગલને કરે ? જીવે તો પોતાની પર્યાયમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યા છે. જીવે કર્મને કર્યાં નથી અને કર્મ જીવના પરિણામને કરતું નથી. જીવ અને કર્મને માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

જીવ પોતાના જ્ઞાન,, દર્શન, અસ્તિત્વાદિ ગુણો અને પર્યાયમાં રહેલો છે અને કર્મ તેના ગુણ-પર્યાયમાં રહેલાં છે. જીવમાં કર્મ નથી અને કર્મમાં જીવ નથી. કર્મે જીવને ઉપજાવ્યો નથી અને જીવે કર્મને ઉપજાવ્યો નથી. બંને અનાદિના છે. જીવનાં દ્રવ્ય-ગુણ અનાદિના છે તેમ પર્યાયપણું પણ અનાદિનું છે અને પુદ્ગલનું પર્યાયપણું પણ અનાદિનું છે. કોઈની પર્યાયને કોઈએ ઉપજાવી નથી. જીવ અને પુદ્ગલ પોતપોતાની પર્યાયપણે થાય છે. જીવને લઈને કર્મ થતાં નથી અને કર્મને લઈને જીવનો વિકાર થતો નથી.

જીવ પોતાની પર્યાયસૃષ્ટિને ઉપજાવે છે અને પુદ્ગલ પોતાની કર્મરૂપ પર્યાય-સૃષ્ટિને ઉપજાવે છે. તે બંનેને વ્યવહારસંબંધ હોવા છતાં કોઈ કોઈને ઉપજાવવાનો સંબંધ નથી.

જીવમાં જેમ અનંતગુણો છે તેમ સ્વાભાવિક અને વિભાવિક પર્યાય પણ છે. વિભાવરૂપે પરિણમવાનો જીવનો ધર્મ છે તેમ સ્કંધમાં વિભાવરૂપે પરિણમવાનો ધર્મ છે તેથી કર્મની પર્યાય થઈ છે. જીવે કર્મની પર્યાયને કરી નથી અને કર્મ જીવની વિભાવપર્યાય કરતું નથી. બંને પોતપોતાના ગુણ-પર્યાયમાં રહેલાં છે. કોઈ કોઈની પર્યાયને ઉપજાવતું નથી. બંને દ્રવ્યો અનાદિના છે. તે પોતપોતાની પર્યાયને કરે છે.

ભાવાર્થ:—જો કે વ્યવહારનયથી પર્યાયોના સમૂહની અપેક્ષાએ નવા નવા કર્મ સમયે સમયે બંધાય છે. નવા નવા ઉપજે છે. જેમ બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ થાય છે તેમ બીજરૂપ કર્મોથી દેહ મળે છે અને દેહમાં નવા નવા કર્મોનો વિસ્તાર થાય છે. આ નિમિત્તથી કથન છે હો. જીવના વિકારના નિમિત્તે કર્મ ઉપજે છે અને કર્મના નિમિત્તે દેહ અને વિકાર ઉપજે છે આવી પરંપરા ચાલી આવે છે પરંતુ શુદ્ધનિશ્ચયનયથી વિચારવામાં આવે તો જીવ નિર્મળ જ્ઞાન-દર્શન-સ્વભાવી છે. એ તો વિકારના પ્રવાહ અને કર્મના પ્રવાહનો જાણનાર-દેખનાર છે. જીવની વિકારી પર્યાય નવી નવી થતી રહે છે. શરીર પણ નવા નવા થતાં રહે છે અને કર્મની અવસ્થા પણ નવી નવી થયાં કરે છે તે દરેકનો પ્રવાહ ચાલુ છે પણ કોઈ કોઈને કરતું નથી. જીવ અનાદિનો છે અને કર્મ પણ અનાદિના છે કોઈ કોઈને કરતાં નથી.

જીવ અનાદિથી કર્મોથી બંધાયો છે અને કર્મોના ક્ષયથી મુક્ત થાય છે એટલે કે જીવ અનાદિથી પોતાની વિકારી પર્યાયને કરે છે અને કર્મો સ્વયં બંધાય છે. હવે જો જીવ વિકાર કરવાનું બંધ કરે તો કર્મો સ્વયં છૂટી જાય અર્થાત્ બીજી પર્યાય ધારણ કરે-જીવ સાથે બંધાય નહિ. આ વ્યાખ્યાન દ્વારા એ કહેવું છે કે જો કોઈ એમ કહે છે કે, 'આત્મા સદા મુક્ત છે, કર્મોથી રહિત છે' તો એમ નથી. જીવની પર્યાયમાં ભાવબંધપણું છે અને નિમિત્તમાં કર્મોના બંધનો પણ સંબંધ અનાદિથી છે. વિકાર એ ભાવબંધ છે અને કર્મ એ દ્રવ્યબંધ છે, બંનેનો સંબંધ જીવને છે. પર્યાયમાં જીવ મુક્ત નથી. બંને પ્રકારના બંધનો અભાવ કરે ત્યારે જીવ મુક્ત થાય છે.

દ્રવ્યબંધ અને ભાવબંધ છે એમ સ્વીકાર કરે તેને તેનો અભાવ કરવાનો અવકાશ રહે છે. જે એમ જ માને છે કે હું સદાય દ્રવ્યબંધ અને ભાવબંધ વિનાનો છું તો તેને એ બંધ છોડવાનો અવકાશ પણ રહેતો નથી. વર્તમાન દશામાં વિકારનું બંધન અને કર્મનો બંધ ન હોય તો છોડવાનું કાંઈ રહેતું જ નથી. બંધ નથી તો મુક્તિ પણ સિદ્ધ થતી નથી. 'મુક્તિ' શબ્દ જ એમ સૂચવે છે કે, બંધન પહેલાં હતું અને હવે મુક્તિ મળી. માટે 'સદા મુક્ત છું' એમ કહેવું વૃથા છે. જીવનો સ્વભાવ મુક્ત છે પણ પર્યાયમાં મુક્તિ નથી છતાં મુક્તિ માને છે તે વૃથા છે-ખોટી વાત છે.

આત્મા વસ્તુ સ્વભાવે શુદ્ધ છે પણ પર્યાયમાં અશુદ્ધતા છે અને તે અશુદ્ધતા પરના લક્ષે જ હોય. સ્વભાવના લક્ષે કદી અશુદ્ધતા આવે નહિ. કર્મનું લક્ષ છે, સંબંધ છે માટે જીવની પર્યાયમાં દુઃખ ઊભું થાય છે. આમ, દુઃખ અને દુઃખનું નિમિત્ત ન હોય તો તેને ટાળવાપણું પણ રહેતું નથી પણ એમ નથી. પર્યાયમાં દુઃખ છે અને તેમાં કર્મનું નિમિત્ત છે. તેનું લક્ષ છોડીને હવે સ્વભાવનું લક્ષ કરે, સ્વભાવનો આશ્રય લે તો પર્યાયમાં દુઃખ ટળીને સુખ થાય, બંધન ટળીને મુક્તિ થાય.

આ પરમાત્મપ્રકાશ કહે છે કે પ્રભુ આત્મા તો પ્રકાશરૂપ જ છે પણ તેની પર્યાયમાં પણ પરમાત્મપ્રકાશ હોય તો તેને મુક્ત થવાનું રહેતું જ નથી. વસ્તુ શુદ્ધ હોવા છતાં પર્યાયમાં નિમિત્તનો સંબંધ છે અને તેમાં અટકેલો પોતાનો વિકારીભાવ પણ છે એમ સિદ્ધ કરવું છે. દ્રવ્ય, ગુણ જેમ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ હોય તો મુક્તિ કરવાનું રહેતું નથી. પર્યાયમાં અશુદ્ધ છે માટે જ તેનાથી મુક્તિની વાત છે. 'મુક્તિ' ધ્વનિ જ એમ સૂચવે છે કે પહેલાં બંધન હતું.

આમ બીજી જગ્યાએ પણ કહ્યું છે.—"मुक्तश्चेत... "અર્થાત્ જો આ જીવ પહેલાં બંધાયેલો હોય તો 'મુક્ત' થવાનું કથન સંભવી શકે છે. કર્મનું નિમિત્ત છે

તે વ્યવહારબંધ છે અને પોતે વિકારમાં અટકેલો છે તે નિશ્ચયબંધ છે. આ બંને બંધને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

જેમ કોઈ માણસ જેલમાં બંધાયો હોય તો તેને છૂટે ત્યારે કહેવાય કે તમે છૂટી ગયા ? જો જેલમાં બંધાયો જ ન હોય તો તેને છૂટયાં એમ ન કહેવાય. દશ-પંદર વર્ષ જેલમાં રહીને છૂટી જાય ત્યારે એમ કહેવાય કે તમે લાંબી મુદતે છૂટયાં તેમ અનંતકાળથી જીવને પર્યાયમાં બંધન અને નિમિત્તનો સંબંધ છે. માટે તેને તેમાંથી મુક્ત થવાનો ઉપદેશ અપાય છે. પર્યાયમાં બંધન ન હોય તો મુક્તિનો પ્રશ્ન જ નથી.

આટલું જ સમજવાનું છે હો ! બહુ લાંબુ નથી. જેમ, આંકડા તો ઘણાં મોટાં મોટાં હોય પણ મૂળ તો એકથી દશ સુધીના જ આકડાં છે. તેમ વસ્તુના-સ્વતઃ સ્વભાવના નિયમો તો બહુ થોડાં છે. પણ તેનો વિસ્તાર ઘણો થઈ ગયો—રખડવાના અનેક પ્રકાર અને તેને ટાળવાના ઉપાય તેને લાંબા લાગે છે પણ લાંબા નથી, ઉપાય એક જ છે. સ્વભાવનો આશ્રય.

જે માણસ જેલમાં ગયો જ નથી તેને એમ ન પૂછાય કે અહો ! તમે ક્યારે છૂટી ગયા ? તેમ જે અબંધ છે તેને 'છૂટયાં' એમ કહેવું યોગ્ય નથી. જે બંધ વિના જ મુક્તિ માને છે તે યથાર્થ નથી તેનું કથન નિરર્થક છે. માટે જ અહીં 'પર્યાયમાં બંધન છે' તે પ્રથમ જ સિદ્ધ કર્યું છે પછી તેની મુક્તિની વાત છે. શક્તિ અને વસ્તુએ અબંધસ્વરૂપ હોવા છતાં શુદ્ધ હોવા છતાં પર્યાયમાં અશુદ્ધતા અને બંધન છે. જો ન હોય તો તેનાથી છૂટવાના ઉપદેશનું નિરર્થકપણું છે.

"દરેક આત્મા પરમાત્મસ્વરૂપ જ છે પણ પર્યાયમાં તેને પરમાત્મપણું નથી." પર્યાય તો વિકારમાં અટકેલી છે. પર્યાયમાં વિકાર—અશુદ્ધતા છે અને તેનું નિમિત્ત પણ સંબંધમાં છે. પર્યાયમાં અશુદ્ધતા છે. નથી એમ નથી. જે મુક્ત થઈ ગયા તેની દશામાં પણ પૂર્વે 'હું બંધરૂપ છું' એવી દશા હતી અને દશામાં પણ કર્મના નિમિત્તનો સંબંધ હતો તેને છોડીને ભગવાન થયા છે. દશામાં ભ્રમ હતો તેને છોડીને ભ્રમરહિત થયા છે. દશામાં ભ્રમ હતો નહિ અને છોડયો એમ કેમ બને ?

પરમાત્મપ્રકાશમાં આ વાત કેમ આપી છે ? કે, વસ્તુ અને ગુણ શુદ્ધ છે છતાં પર્યાયમાં અશુદ્ધતા અને બંધન છે એ વાત સિદ્ધ કરીને મુક્તિનો ઉપાય બતાવવો છે. અવસ્થામાં 'હું રાગવાળો, હું શરીરવાળો, હું પુણ્ય-પાપવાળો...' વગેરે પ્રકારે અજ્ઞાન ન હોય તો અજ્ઞાનથી છૂટીને જ્ઞાની થવાનું અને બંધનથી છૂટીને મુક્ત થવાનું

[અનુસંધાન માટે જુઓ પાનું-૯]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રાવકના બાર પ્રકારનું આ વર્ણન ચાલે છે, તેમાં સૌથી પહેલાં શુદ્ધ ચિદાનંદ આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે ધર્મ છે. સમ્યગ્દર્શન પછી સ્વભાવના આશ્રયે જેમ જેમ શુદ્ધતા વધતી જાય છે અને રાગ ટળતો જાય છે તેમ તેમ શુદ્ધતાના પ્રમાણમાં શ્રાવકના વ્રત-પડિમા તેમ જ મુનિનાં મહાવ્રત વગેરે હોય છે. અંતરમાં ચિદાનંદ ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ અને અવલંબન રાખીને આ બધી વાત છે. અહીં શ્રાવકની બીજી વ્રત-પડિમામાં બાર વ્રત હોય છે તેમાંથી સામાયિક વ્રતનું વર્ણન ચાલે છે.

સામાયિકના આસન વગેરેનું કથન કરે છે:—

बद्धा पर्यंकं अथवा ऊर्ध्वेन ऊर्ध्वतः स्थित्वा ।
कालप्रमाणं कृत्वा इन्द्रियव्यापारवर्जितः भूत्वा ॥ ३५५ ॥
जिनवचनैकाग्रमनाः संपुटकाय च अञ्जलिं कृत्वा ।
स्वस्वरुपे संलीनः वन्दनार्थं विचिन्तयन् ॥ ३५६ ॥
कृत्वा देशप्रमाणं सर्वसावद्यवर्जितः भूत्वा ।
यः कुर्वते सामायिकं सः मुनिसदृशः भवेत् तावत् ॥ ३५७ ॥

અર્થ:—પર્યંકાસન બાંધી અથવા ઊભા ખડગાસને રહીને કાળનું પ્રમાણ કરી વિષયોમાં ઇન્દ્રિયોના વ્યાપાર નહીં થવા અર્થે જિનવચનમાં એકાગ્રચિત્ત કરી કાયાને સંકોચી, હાથની અંજલી જોડી પોતાના સ્વરૂપમાં લીન થયો થકો અથવા સામાયિક વંદનાના પાઠના અર્થને ચિંતવતો થકો ક્ષેત્રનું પ્રમાણ કરી સર્વ સાવદ્યયોગ જે ઘર–વ્યાપારાદિ પાપયોગ તેનો ત્યાગ કરી પાપયોગ રહિત બની સામાયિકમાં પ્રવર્તે તે શ્રાવક તે કાળમાં મુનિ જેવો છે.

જુઓ, સામાયિક કોને કહેવાય? કે પ્રથમ તો આત્માનો ત્રિકાળ સ્વભાવ શ્રદ્ધામાં લઈને તેની પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શનરૂપી સામાયિક છે. તે સમ્યગ્દર્શન પૂર્વક સમ્યગ્જ્ઞાન તે પણ જ્ઞાન-સામાયિક છે. તે દર્શનસામાયિક અને જ્ઞાનસામાયિક ઉપરાંત ચારિત્રરૂપ સામાયિકની આ વાત છે. સમ્યગ્દર્શન પછી ધ્રુવ સ્વભાવના

નિર્વિકલ્પ અનુભવનો અખતરો કરે તેને સામાયિક કહેવાય છે. આ સામાયિક વખતે શ્રાવક પણ મુનિ જેવો કહેવાય છે. હજી મુનિદશા તો નથી પણ સામાયિક કરતી વખતે રાગની ઘણી મંદતા થઈ ગઈ છે તે અપેક્ષાએ તેને મુનિ જેવો કહેવાય છે.

શરીરનું ઊભું રહેવું કે બેસવું તે તો જડની ક્રિયા છે. પણ સામાયિકના વિકલ્પ વખતે દેહની એવી ક્રિયા દેહના કારણે થાય છે. સામાયિક કરનાર એકાગ્ર ચિત્ત કરીને જિનવચનમાં કહેલાં વીતરાગી વસ્તુસ્વરૂપને ચિંતવે છે. તે વખતે કાયાને સંકોચે છે એટલે કે કાયાને ફેરવવા તરફનો વિકલ્પ થતો નથી તથા અંતરમાં ધ્રુવસ્વભાવનું અવલંબન લઈને સ્વરૂપમાં લીન થાય છે. તે જ પરમાર્થ સામાયિક છે. ત્યાં બહારમાં આસન વગેરે નિમિત્ત કેવાં હોય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. દેહની ક્રિયા તે સામાયિક નથી, શુભરાગ આવે તે પણ સામાયિક નથી. પણ અંદરમાં ચિદાનંદ સ્વરૂપમાં નિર્વિકલ્પ લીનતા થઈ તે સામાયિક છે. સ્વરૂપમાં લીનતા કોને થાય? કે જેણે પહેલાં સ્વરૂપને જાણ્યું હોય. પુણ્ય-પાપ અને દેહની ક્રિયાથી પાર ચિદાનંદ ભગવાન હું છું એવું જેણે ભાન કર્યું હોય તેને તેમાં લીનતા થાય, અને તેને જ સામાયિક હોય. આ સિવાય બીજાને સાચી સામાયિક હોય નહીં. પહેલાં ગુરુગમે તત્ત્વનો અભ્યાસ કર્યો હોય ને આત્માનું ભાન કર્યું હોય, પછી તેમાં વિશેષ એકાગ્રતાથી શુદ્ધતા પ્રગટે તેનું નામ સામાયિક છે. તે સામાયિક વખતે શ્રાવક વેપાર વગેરેના સાવધભાવ કરે નહિ. જુઓ, દ્રવ્યને લક્ષમાં રાખીને આ બારે ભાવનાઓનું વર્ણન છે.

ભાવાર્થ:—આ શિક્ષાવ્રત છે ત્યાં આ અર્થ જણાય છે કે જે સામાયિક છે તે સર્વ રાગ-દ્વેષરહિત બની બહારની સર્વ પાપયોગક્રિયાથી રહિત થઈ પોતાના આત્મસ્વરૂપમાં તલ્લીન બની મુનિ પ્રવર્તે છે. આ સામાયિક ચારિત્ર મુનિનો ધર્મ છે. એ જ શિક્ષા શ્રાવકને પણ આપવામાં આવે છે કે સામાયિકના કાળની મર્યાદા કરી તે કાળમાં મુનિની માફક પ્રવર્તે છે. કારણ કે મુનિ થયા પછી આ પ્રમાણે સદા રહેવું થશે એ અપેક્ષાથી શ્રાવકને તે કાળમાં મુનિ જેવો કહ્યો છે.

જેમ વીતરાગી મુનિઓ નિજસ્વરૂપમાં લીન થઈને સામાયિકધર્મમાં પ્રવર્તે છે, તેમ અહીં શ્રાવકને પણ તેનો ઉપદેશ કર્યો છે. મુનિને કેવો સામાયિકધર્મ હોય તે જાણીને તેની ભાવના કરે, કે અહો! હું મુનિ થઈશ ત્યારે હું પણ મુનિવરોની માફક આવું આવું આત્મધ્યાન કરીશ. એમ મુનિપણાની ભાવના સહિત શ્રાવક પોતાની શક્તિ પ્રમાણે સામાયિકનો અખતરો કરે છે. મુનિદશા વગર તો મોક્ષ નથી,

માટે શ્રાવક તેની ભાવના કરે છે, તે સામાયિક શીખે છે. મુનિને તો નિરંતર સહજ સામાયિક વર્તે છે. તે તો આનંદકંદ અમૃતસાગરમાં પડ્યા છે ને શ્રાવકને તેવા અનુભવનો આંતરો અલ્પકાળ હોય છે. મુનિદશા થયા પહેલાં તેનો અભ્યાસ કરે છે કે અહો! ક્યારે ચૈતન્યમાં એકાગ્ર થઈએ! આ અપેક્ષાએ શ્રાવકને પણ સામાયિક વખતે મુનિ જેવો કહ્યો છે.

હવે આગળ પ્રોષધોપવાસ નામના બીજા શિક્ષાવ્રતને કહે છે. પ્રોષધ એટલે વીતરાગદૃષ્ટિમાં યથાર્થ પુષ્ટિ હોય પછી અનાકુળ આત્માનંદ અનુભવ વડે આત્માને પોષવો તે પ્રોષધ છે, સ્વભાવમાં વિશેષ એકાગ્રતાનો અભ્યાસ કરે છે.

स्नान विलेपन भूषण स्त्रीसंसर्ग गन्ध धूपदीपादीन् ।
यः परिहरति ज्ञानी वैराग्य आभूषणं कृत्वा ॥ ३५८ ॥
द्वयोः अपि पर्वणोः सदा उपवासं एकभक्तनिर्विकृतिं ।
यः करोति एवमादिन् तस्य व्रतं प्रोषधं द्वितीयम् ॥ ३५९ ॥

અર્થઃ—જે જ્ઞાની શ્રાવક એક પક્ષના આઠમ-ચૌદશ બન્ને પર્વોમાં સ્નાન, વિલેપન, આભૂષણ, સ્રીસંસર્ગ, સુગંધધૂપ, દીપ આદિ ભોગોપભોગની વસ્તુને છોડી વૈરાગ્યભાવનારૂપ આભરણથી આત્માને શોભાયમાન કરી ઉપવાસ વા એકભુક્તિ વા નીરસ આહાર કરે અથવા આદિ શબ્દથી કાંજી કરે વા માત્ર ભાત-પાણી જ લે તેને પ્રોષધોપવાસ નામનું શિક્ષાવ્રત હોય છે.

સમ્યગ્દષ્ટિ જ્ઞાની સિવાય, શુદ્ધાત્માની પ્રતીતિની ભૂમિકા સિવાય પ્રોષધનાં આંક ઊગે નહીં. તે પ્રોષધમાં વિલેપન આભૂષણ-ઘરેણાં સ્રીનો સંસર્ગ, સુગંધી, તેલ, ધૂપ, દીપક આદિ ભોગોપભોગ સામગ્રી છોડીને તે પ્રત્યેનો રાગ છોડે છે. રાગ છોડવો તે પણ ઉપચારથી છે. પરંતુ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવમાં લીન થઈ રાગની ઉત્પત્તિ થવા દેતા નથી તેથી ભોગોપભોગ સામગ્રી છોડી કહેવાય તથા વૈરાગ્ય ભાવનાના આભૂષણ વડે પોતાના આત્માને શોભાયમાન કરે. અખંડ ચૈતન્ય અસ્તિનું ભાન દૃષ્ટિ છે ત્યાં નાસ્તિથી આવો વૈરાગ્ય હોય છે એમ કહ્યું છે.

જો પ્રોષધોપવાસ ન થઈ શકે તો એક વખત નીરસ આહાર કરે, માત્ર ભાત અને પાણી જ ગ્રહણ કરે. આ તો બીજી પ્રતિમાની શુદ્ધતામાં રાગનો ઘટાડો અને નિમિત્તનો કેવો અભાવ વર્તે છે તે બતાવ્યું છે.

ભાવાર્થઃ—જેમ સામાયિક કરવાના કાળનો નિયમ કરી સર્વ પાપયોગથી

નિવૃત્ત થઈ એકાંતસ્થાનમાં ધર્મધ્યાનપૂર્વક બેસે છે તે જ પ્રમાણે સર્વ ઘરકાર્યનો ત્યાગ કરી સમસ્ત ભોગોપભોગ સામગ્રી છોડી સાતમ અને તેરસના બે પહોર દિવસ પછી એકાંતસ્થાનમાં બેસી ધર્મધ્યાન કરતો થકો સોળ પહોર સુધી મુનિની માફક રહે. તથા નોમ અને પૂર્ણિમા-અમાસના બે પહોર વીત્યા પછી પ્રતિજ્ઞા પૂર્ણ થાય ત્યારે ઘરકાર્યમાં જોડાય તેને પ્રોષધવ્રત કહે છે. વળી આઠમ-ચૌદશના દિવસમાં ઉપવાસનું સામર્થ્ય ન હોય તો એકવાર ભોજન કરે વા નીરસ-કાંજી આદિ અલ્પ આહાર કરી ધર્મધ્યાનમાં સમય વિતાવે એ પ્રમાણે આગળ પ્રોષધપ્રતિમામાં સોળ પહોર કહ્યું છે તેમ કરે. પરંતુ અહીં ગાથામાં કહ્યું નથી તેથી સોળ પહોરનો નિયમ ન જાણવો. આ પણ મુનિવ્રતની શિક્ષા જ છે.

અષ્ટમીનો પ્રોષધોપવાસ હોય ત્યારે આગલી સાતમના બપોરથી નિવૃત્ત થાય, અને નવમીના બપોરે પૂર્ણ કરે તથા ચૌદશનો પ્રોષધોપવાસ હોય ત્યારે તેરસના બપોરથી નિવૃત્તિ થઈને પૂર્ણિમા-અમાસના બપોર સુધી પ્રોષધોપવાસ રાખે. આમ સોળ પ્રહરનો પ્રોષધોપવાસ કહ્યો છે. સોળ પહોરની ઉત્કૃષ્ટ વાત કરી છે. તેટલી શક્તિ ન હોય તો શક્તિ પ્રમાણે કરે. આગળ પ્રોષધોપવાસ નામની પડિમા આવશે. ત્યાં નિયમપૂર્વક સોળ પહોર સુધીના પ્રોષધ ઉપવાસની વાત લેશે.

શ્રાવકને સામાયિકમાં દરરોજનો અખતરો છે.
પ્રોષધ ઉપવાસવ્રતમાં લગભગ આઠ-આઠ દિવસે અખતરો છે.
સંલેખનાવ્રતમાં જીવનપર્યંતનો અખતરો હોય છે.
હવે અતિથિસંવિભાગ નામના ત્રીજા શિક્ષાવ્રતને કહે છે.

त्रिविधे पात्रे सदा श्रद्धादिगुणैः संयुतः ज्ञानी ।
दानं यः ददाति स्वकं नवदानविधिभिः संयुक्तः ॥ ३६० ॥
शिक्षाव्रतं च तृतीयं तस्य भवेत् सर्वसिद्धिसौख्य करम् ।
दानं चतुर्विधं अपि च सर्वदानानां सारतरम् ॥ ३६१ ॥

અર્થઃ—જ્ઞાનીશ્રાવક ઉત્તમ, મધ્યમ, જઘન્ય ત્રણ પાત્રોને આહારદાન દે, દાતાના શ્રદ્ધાદિગુણ સહિત પોતાના હાથે વિનયરૂપ નવધાભક્તિ સહિત દરરોજ દાન આપે છે. સમ્યગ્દષ્ટિ પણ બીજા અવિરતિ સમ્યગ્દષ્ટિને યોગ્ય વિનયપૂર્વક દાન આપે તે શુભભાવ છે. સ્વભાવના અવલંબને જેટલો રાગ ઘટયો તેટલો સંવર છે. અવિરતિ શ્રાવક ધર્માત્માને આહાર દેવાનો ભાવ તે પુણ્ય છે, પાપ નથી.

આહાર, અભય, ઔષધ અને શાસ્ત્રદાન એમ ચાર પ્રકારનું દાન છે. પંચમ ગુણસ્થાન વર્તી શ્રાવક છે તે પણ અવિરત સમ્યગ્દષ્ટિને પણ આહારાદિ દાન આપે છે. અશુભમાં ન જવા માટે પૂજા, ભક્તિ, વિનય, દયા, પ્રભાવનાદિમાં હંમેશા દાન આપે. ત્રણે પાત્રને દાન આપે. પાંચમાં ગુણસ્થાનવાળો શ્રાવક ચોથા ગુણસ્થનવાળાને પણ યોગ્ય આદરપૂર્વક દાન આપે છે. તેમજ મુનિઓને પણ દાન આપે છે. આ દાન અતિશય સારરૂપ ઉત્તમ છે. સર્વસિદ્ધિ અને સુખનું આપવાવાળું છે. લૌકિક દાન કરતાં આ દાનની વિશેષતા છે. કેમકે તેમા વીતરાગી સ્વભાવની પુષ્ટિની અનુમોદના છે, શુભરાગને ધર્મ માનતો નથી, દેહની ક્રિયા, આહારાદિ દેવાની ક્રિયા હું કરી શકું છું એમ માનતો નથી, તેથી સ્વભાવના લક્ષે રાગ ટાળી જેટલી શુદ્ધિ થાય તે ધર્મ સર્વસિદ્ધિ અને સુખનું કારણ છે ને તેના આરોપથી દાનના શુભભાવનો અતીશય સારરૂપ કહેલ છે.

કોઈ કહે છે કે અગિયારમી પ્રતિમાધારી ક્ષુલ્લક, એલક, શ્રાવક પદવીમાં છે. તેની પણ નવધાભક્તિ કરે તેને માટે આ ગાથાનો આધાર આપે છે. પણ રત્નકરંડ શ્રાવકાચારમાં ૧૧૩માં શ્લોકમાં આ ગાથાનો અર્થ મુનિ શ્રાવકને જેવું પદ હોય તેને યોગ્ય પદવી અનુસાર વિનય આદિ કરવા કહ્યું છે. અહીં તો પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકની વાત છે. પાંચમાવાળો ચોથાગુણસ્થાનવાળાની નવધાભક્તિ શી રીતે કરે? " નવધાભક્તિ " કહી છે તે યોગ્યતા અનુસાર સમજવી. મુખ્યપણે મુનિને નવધાભક્તિ પૂર્વક આહારદાનની વિધિ છે, ને શ્રાવક વગેરેનો યોગ્ય આદર બહુમાન વગેરે કરે.

ભાવાર્થ:—ત્રણ પ્રકારના પાત્રોમાં ઉત્કૃષ્ટ તો મુનિ, મધ્યમ અણુવ્રતી શ્રાવક તથા જઘન્ય અવિરતિ સમ્યગ્દષ્ટિ છે. વળી દાતારના શ્રદ્ધા, તુષ્ટિ, ભક્તિ, વિજ્ઞાન અલુબ્ધતા, ક્ષમા અને શક્તિ એ સાત ગુણો છે. વળી અન્ય પ્રકાર આ પ્રમાણે પણ છે. આ લોકના ફળની વાંચ્છા વિનાનો, ક્ષમાવાન, કપટરહિત, અન્યદાતાથી ઈર્ષા રહિત, આપ્યા પછી તે સંબંધી વિષાદ વિનાનો, આપ્યાના હર્ષવાળો અને ગર્વ વિનાનો, એ પ્રકારે પણ સાત ગુણો કહ્યા છે. વળી પ્રતિગ્રહ, ઉચ્ચસ્થાન, પાદ પ્રક્ષાલન, પૂજન, પ્રણામ, મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ તથા આહારશુદ્ધિ, એ પ્રમાણે નવધાભક્તિ છે. એ રીતે દાતારના ગુણો સહિત નવધાભક્તિપૂર્વક પાત્રને રોજ ચાર પ્રકારનાં દાન જે આપે છે તેને ત્રીજું શિક્ષાવ્રત હોય છે. આ પણ મુનિપણાની શિક્ષા માટે છે. જો આપવાનું શીખે તે પ્રમાણે પોતાને મુનિ થયા પછી લેવાનું થશે.

નવધાભક્તિનો વિનય શ્રાવક દ્વારા થાય તો જ મુનિ આહાર લે છે, એવી

સિંહવૃત્તિપૂર્વક ઉગ્ર વૈરાગ્યવાન હોય છે. શરીર માટે સદોષ આહાર અને વિનય રહિત લે નહિ.

(૧) પ્રતિગ્રહ = મુનિને આવતાં પધારો પધારો પધારો ત્રણ વાર પરમવિનય સહિત કહે. શ્રાવક ઐલ્લક ક્ષુલ્લક આદિનો તેની પદવી પ્રમાણે વિનય કરે, (૨) ઉચ્ચ આસન, (૩) પાદપ્રક્ષાલન-પગ ધુવે, (૪) પૂજન-પૂજનસામગ્રીથી વિધિસહિત પૂજન કરે, (૫) પ્રમાણ (૬) મનશુદ્ધિ :—સંસાર, વ્યાપાર વગેરે સંબંધી અશુભ વિકલ્પ ન કરે, (૭) વચનશુદ્ધિ :—કોઈ પ્રત્યે કઠોર વચન ન બોલે, (૮) કાયશુદ્ધિ (૯) આહારશુદ્ધિ ઉદ્દેશિક કે આધાકર્મી વગેરે સદોષ આહાર ન હોય પણ શ્રાવકે પોતા માટે કરેલો હોય.

મહાન વીતરાગી સંત નગ્ન દિગંબર મુનિ હોય છે. તેમને મહાભક્તિ વિનયથી કહે કે પ્રભુ ! મારે મન-વચન-કાયનીશુદ્ધિ છે, મલિનતા નથી. એમ મુનિ પાસે કબૂલ કરવું જોઈએ. મુનિવરોના પુરુષાર્થની અને નિરપેક્ષતાની એવી ઉગ્રતા છે કે નવધાભક્તિ વગર જ્યાં-ત્યાંથી આહાર લ્યે જ નહીં. શ્રાવક પણ એવી પ્રસન્નતાપૂર્વક આહાર આપે કે અહો ! ધન્ય મારો અવતાર ! કે મારા આંગણે મુનિરાજનો આહાર થયો !! એ પ્રમાણે મુનિને નવાધાભક્તિ પૂર્વક તથા મધ્યમ, જઘન્ય પાત્રને તેને યોગ્ય વિનય સહિત, દાતાના ગુણસહિત, રોજ ચાર પ્રકારના દાન આપે છે. શ્રાવકને આવા પ્રકારનો ભાવ હોય છે; તેનું નામ અતિથિસંવિભાગ નામનું શિક્ષાવ્રત છે. [ ક્રમશ ]

—o—

* વૈશાખ વદ ૬, મંગળવાર, તા. ૧૧-૫-૯૩ના રોજ શ્રી સમવસરણની બાવનમી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે પૂજાભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* વૈશાખ વદ ૮, ગુરુવાર, તા. ૧૩-૫-૯૩ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના સાધના સ્થળ શ્રી સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન તેમ જ તેમાં પૂજ્ય બહેનશ્રીના કરકમળ દ્વારા થયેલી પરમાગમ શ્રી સમયસારજીની મંગલ પ્રતિષ્ઠાનો ૫૬મો વાર્ષિક પ્રસંગ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* જેઠ સુદ ૫, બુધવાર, તા. ૨૬-૫-૯૩ના રોજ શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલભાઈ શાહની ગુરુભક્તભીની ઉપસ્થિતિમાં ઉજવાયેલ આ મંગલ અવસર ખરેખર તો ધર્મપ્રભાવના-વર્ધક તેમજ આનંદપ્રદ રહ્યો હતો.

ગુરુજન્મોત્સવના આ ભવ્ય અવસરે પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેમની સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મરસભરી ઓડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્રદર્શન-પૂજા, ગુરુમહિમા આલેખિત ભવ્ય 'બેનર' તથા 'મેરા કહાન મહાન, મેરા સોનગઢ મહાન' તેમજ 'સારે જહાઁસે અચ્છા ગુરુકહાન હમારા' અને 'સારે જહાઁસે અચ્છા સોનગઢ હમારા' ઈત્યાદિ ગુરુમહિમાથી અંકિત થર્મોકોલનિર્મિત સૂત્રો તેમજ અન્ય વિવિધ ભવ્ય શ્રૃંગારોથી સુશોભિત મનોજ્ઞ પંડાલમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસાર તેમજ શ્રી પરમાત્મપ્રકાશ પર ટેપ-પ્રવચનો, આદરણીય શ્રી હિંમતભાઈના વૈરાગ્યસભર મધુર સ્વર દ્વારા સમૂહ ગુરુભક્તિ, મહોત્સવ-ઉચિત અનેકવિધ ભવ્ય શ્રૃંગારથી સજાવેલ શ્રી પરમાગમમંદિરમાં શ્રી જિનસહસ્રનામમંડલવિધાનપૂજા, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શ્રી સમયસાર તેમજ શ્રી ગુરુદેવશ્રીનાં વચનામૃત પર શાસ્ત્ર-પ્રવચન, પરમાગમમંદિરમાં આદરણીય પંડિતજી તેમજ ઘાટકોપર વઢવાણ-ભજન મંડળી દ્વારા જિનેન્દ્રભક્તિ/ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે બંને ભજનમંડળી દ્વારા ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીએ નાઈરોબીમાં આપેલાં પ્રવચનોની વિડિયો અને છેલ્લે પૂજ્ય બહેનશ્રીની વિડીયો ધર્મચર્ચા તથા વિભિન્ન ગુરુજન્મજયંતીની વિડીયો—આ રીતે આનંદોલ્લાસ પૂર્વક નિયમિત કાર્યક્રમ રહ્યો હતો.

શ્રી જિનેન્દ્ર-ધર્મસ્તંભની આગળ નિર્મિત પ્રવેશદ્વાર ગુરુજન્મોત્સવને અનુરૂપ અતિ રમણીય બનાવવામાં આવ્યો હતો. અષ્ટ મંગળ યુક્ત વિશાળ સ્વસ્તિક મુમુક્ષુઓ માટે 'અવિનાશી કલ્યાણ' સૂચિત કરતો હતો, અને સ્વસ્તિકની આગળ રાખવામાં આવેલ વિશાળ મીઠા 'શ્રીફળ'માં બિરાજમાન કહાનગુરુની ભવ્ય પ્રતિકૃતિ જાણે એમ કહેતી હતી કે-લોકોએ સાકરના શ્રીફળને વખાણ્યું છે પરંતુ અહીં તો અતીન્દ્રિય આનંદામૃતની આખી નારિયેરી જ છે. ખરેખર, તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તો આપણા માટે અતીન્દ્રિય આનંદામૃતની મીઠી નાળિયેરી જ હતાં.

મંગલ ગુરુજન્મોત્સવના આનંદોપલક્ષમાં તા. ૨૨-૪-૯૩ના રોજ બપોરે ધાતકી વિદેહના ભાવિ-તીર્થંકરદેવના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ રજતનિર્મિત ત્રિપિટિકાયુક્ત મનોહર ગંધકૂટી પર સછત્ર સિંહાસન બિરાજમાન આપણા ભાવિ ભગવાનનો 'સમવસરણ વિહાર' બધા ભક્તોને અત્યંત આનંદદાયી અનુભૂત થતો હતો. આ ભવ્ય રથોત્સવમાં વિવિધ ભવ્ય શણગાર સહિત કહાન-કુંવરના પારણાઝૂલનનો એક મનોહર ફ્લોટ-(FLOAT) કે જેની બોલી શ્રી સપાણી-પરિવાર (હસ્તે શ્રી ધીરુભાઈ સપાણી)એ ગુરુભક્તિભીના અત્યંત આનંદોલ્લાસ સહિત લીધી હતી. તે ફ્લોટ બધાનું

ગુરુમહિમાયુક્તચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. આ ભવ્ય રથયાત્રાના દર્શન માટે સોનગઢની જનતા પણ જગ્યાએ જગ્યાએ એકત્રિત થઈ હતી. બન્ને ભજનમંડળીએ રથોત્સવમાં ગુરુભક્તિનું આનંદમય વાતાવરણ બનાવી દીધું હતું.

તા. ૨૧ અને તા. ૨૨ એપ્રિલના રાત્રે શ્રી કુન્દકુન્દ–કહાન–પરિવાર યુવકમંડળ મલાડ દ્વારા ત્યાંની ધાર્મિક પાઠશાળાના બાળકો–બાલિકાઓએ ભક્તિભાવ સભર ક્રમશઃ ચેલના રાણી તેમજ કહાનગુરુ–જન્મવધાઈ નાટક પ્રસ્તુત કર્યા હતા.

ગુરુજન્મોત્સવના આ મંગળ અવસરે સર્વશ્રી ડો. પ્રવિણભાઈ દોશી ( રાજકોટ ), સુરેશભાઈ સંઘવી ( મુંબઈ ), હીરાભાઈ શાહ ( દહેગામ ), હિંમતભાઈ ડગલી ( વિંછીયા ) અને બ્ર. ચંદુભાઈ ઝોબાળિયા ( સોનગઢ )એ ગુરુભક્તિભીના હૃદયે સુંદર શાસ્ત્રપ્રવચન કર્યા હતા.

ગુરુજન્મજયંતીના મંગલ દિવસે ' કહાનગુરુ–જન્મધામ 'ના અતિ ભવ્ય દૃશ્યથી વિભૂષિત પ્રવચન–મંચ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ મનોહર સ્ટેચ્યૂ સમક્ષ ક્રમશઃ સવારે દર્શન તેમ જ સદ્‌ગુરુસ્તુતિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીનું વિડિયો દ્વારા માંગલિક, પરમાગમમંદિરમાં જિનસહસ્રનામપૂજનવિધાનનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન અને ત્યાર બાદ—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીના સાધનાપરિણત જીવન તેમ જ જ્ઞાનવૈરાગ્યપોષક અધ્યાત્મતત્ત્વોપદેશથી પ્રભાવિત ચાર કુમારિકા બહેનોએ—બોટાદનિવાસી કુ. પ્રફુલ્લાબેન જયંતીલાલ ગોપાણી, B. A. ( વર્ષ–૩૬ ); સોનગઢનિવાસી કુ. મીનાબેન ઉમેદરાય મોદી, S. S. C. ( વર્ષ–૩૬ ); તેમ જ તેમની બેન કુ. સુવર્ણાબેન ઉમેદરાય મોદી, હાયર સેકન્ડરી ( વર્ષ–૩૦ ); અને અમદાવાદનિવાસી કુ. વર્ષાબેન જયંતીલાલ ગાંધી, B. A ( વર્ષ–૩૯ )—તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યૂ તેમ જ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ, વિશાલ મુમુક્ષુસમાજની ઉપસ્થિતિમાં, પૂજ્ય ગુરુદેવશ્રીની બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞાની ઓડિયોટેપ દ્વારા, નિવૃત્તિપૂર્વક અધ્યાત્મતત્ત્વજ્ઞાનના વિશેષ અભ્યાસના હેતુએ આજીવન બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા લીધી હતી. આ ચારે બહેનો કેટલાય વર્ષોથી અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના વાતાવરણમાં રહીને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. પોતાના માતા–પિતા ને પરિવારની પ્રસન્નતાપૂર્ણ સંમતિ લઈને જ આ બહેનોએ બ્રહ્મચર્ય–જીવન અંગીકૃત કર્યું છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રીના અનુપમ આધ્યાત્મિક ઉપકારોથી લાભાન્વિત થઈને આ કુમારિકા બ્રહ્મચારિણી બહેનો પોતાના ભાવિ અભ્યાસજીવનને પ્રશસ્ત બનાવે—એવી શુભેચ્છા સહ તેમને અભિનંદન. ત્યારબાદ ક્રમશઃ—

આદરણીય પંડિતજી દ્વારા ગુરુભક્તિ તેમ જ મુમુક્ષુસમાજ વતી કૃપાસાગર પૂજ્ય

ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવથી ગુણાનુવાદરૂપ અભિવાદન, રજતનિર્મિત અક્ષત આદિ પૂજન સામગ્રી દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યૂ સમક્ષ ગુરુ–જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, ગુરુભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે જિનેન્દ્ર–આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું વિડિયો–પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા અને ગુરુ–જન્મજયંતીની વિડિયો—એ રીતે વૈશાખ સુદ બીજનો ઉત્સાહપૂર્ણ કાર્યક્રમ રહ્યો હતો.

આ માંગલિક મહોત્સવ નિમિત્તે કાયમી મંડલવિધાનપૂજા—

(૧) પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તેમ જ કેટલાક બ્ર. બહેનો, સોનગઢ; (૨) શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, મુંબઈ; (૩) શ્રી પુરુષોત્તમદાસ શામજીદાસ તથા ઝવેરીબેન પુરુષોત્તમદાસ કામદાર–પરિવાર, મુંબઈ; (૪) શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ, સોનગઢ ( હ. શ્રી જીતુભાઈ ) (૫) બ્ર. શારદાબેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ; (૬) શ્રી જયંતીલાલ બેચરદાસ મોદી, મુંબઈ; (૭) શ્રી ધારશીભાઈ જટાશંકર મહેતા, વવાણિયા ( મોરબી ); (૮) શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાલિયા–પરિવાર, સોનગઢ; (૯) શ્રી કનુભાઈ મણિલાલ તથા શ્રી ચંદનબેન કનુભાઈ પુનાતર–પરિવાર, જામનગર; (૧૦) શ્રી મનસુખલાલ હરિલાલ દોશી–પરિવાર, મુંબઈ; (૧૧) શ્રી અમરચંદ વાલજીભાઈ ડગલી–પરિવાર ( હા. શ્રી રુપાળીબેન ડગલી ), લંડન; (૧૧) શ્રી અરવિંદભાઈ નંદલાલભાઈ પ્રાગજીભાઈ મહેતા, ઉમરાળાવાળા; (૧૨) શ્રી કલાબેન હસમુખલાલ પોપટલાલ વોરા, મુંબઈ; (૧૪) શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી ( રાયચંદભાઈની માતા દેવજીબેન, મામા રામજી રુપશી તથા મામી ગંગબેન રામજીની સ્મૃત્યર્થે ); (૧૫) શ્રી કપૂરચંદભાઈ સુખલાલ કોઠારી તથા તારાબેન કપૂરચંદભાઈ કોઠારી ( નંદરબારવાળા ), સોનગઢ; (૧૬) શ્રી ગંગાબેન પ્રેમચંદભાઈ કેશવજીભાઈ શાહ-પરિવાર, નાઈરોબી; (૧૭) શ્રી અને શ્રીમતી વિનોદરાય કે. કામદાર, રાજકોટ; (૧૮) શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ, ( સ્વ. જ્ઞાનેશના સ્મૃત્યર્થે ) સુરેન્દ્રનગર; (૧૯) શ્રી લલિતાબેન જયંતીલાલ મહેતા પરિવાર, મુંબઈ; તેમ જ

પ્રાસંગિક મંડળ વિધાન પૂજા—

૧. શ્રી રમેશભાઈ બાબુભાઈ કોઠારી, મુંબઈ, ચિ. વિરેનના લગ્ન-નિમિત્ત, હ. પ્રવીણચંદ નવલચંદ
૨. શ્રી અંકિત પંકજભાઈ ભાયાણી, મુંબઈ
૩. શ્રી કમલાબેન પ્રભુલાલ ધીયા, રાજકોટ
૪. શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ જૈન, હ. પ્રકાશભાઈ, ખંડવા
૫. શ્રી ચિમનલાલ વિકમચંદભાઈ સંઘવી; મુંબઈ

—તરફથી રાખવામાં આવી હતી.

મંગલ ગુરુ-જન્મોત્સવના અવસર પર પાંચ દિવસ સમાગત મહેમાનોને માટે બંને ટાઈમનું તેમ જ સ્થાનિક મુમુક્ષુસમાજ માટે સવારનું જમણ શ્રી રંભાબેન વોરા (હ. શ્રી હસમુખભાઈ વોરા) તરફથી રાખવામાં આવ્યું હતું. તદુપરાંત નીચેના મહાનુભાવોએ 'સ્વામીવાત્સલ્ય' ભોજન આપ્યું હતું.

૧. સ્વ. શારદાબેન ભોગીલાલ દોશી-પરિવાર, ઘાટકોપર.

૨. શ્રી સમતાબેન માણેકલાલ શાહ-પરિવાર હ. બાબુભાઈ માણેકલાલ શાહ, બાર

૩. શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી [ શ્રી રાયચંદભાઈના માતુશ્રી વેજીબેન તથા મામા સ્વ. રામજી રૂપશી તથા મામી સ્વ. ગંગાબેન રામજીભાઈના સ્મૃત્યર્થે ]

૪. શ્રી રજનીભાઈ છોટાલાલ શાહ ધ્રાંગધ્રાવાળા (હાલ દાદર, મુંબઈ)

૫. સપાણી-પરિવાર, હૈદ્રાબાદ-મદ્રાસ-મુંબઈ.

પુસ્તકોમાં શ્રી કલાબેન હસમુખભાઈ પોપટલાલ વોરા (કાયમી યોજના), તે ઉપરાંત

(૧) શ્રી ગંગાબેન પ્રેમચંદભાઈ કેશવજીભાઈ શાહ-પરિવાર, હ. અજીતભાઈ નાઈરોબી

(૨) શ્રી પુરીબેન શિવલાલ ગાંધી, હ. નિખિલભાઈ પ્રતાપરાય ગાંધી,

(૩) સપાણી પરિવાર હ. શ્રીમતી હરગૌરી પ્રભુલાલ સપાણી તથા શ્રીમતી વસંતબેન ધીરજલાલ સપાણી, મદ્રાસ-હૈદ્રાબાદ-મુંબઈ,

(૪) શ્રી અનંતરાય મનસુખભાઈ શેઠ, હ. શ્રીમતી કનકબેન શેઠ, સાયન-મુંબઈ,

(૫) શ્રીમતી શારદાબેન શાંતીલાલ શાહ, હ. શ્રીમતી રેખા નેમીશ શાહ તથા શ્રીમતી કવિતા કેતન શાહ, સાયન-મુંબઈ,

(૬) સ્વ. કમલાબેન અમૃતલાલ મેઘાણી,

(૭) શ્રી તારાબેન કપૂરચંદભાઈ કોઠારી નંદરબારવાળા, સોનગઢ

—તરફથી ૪૦% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું.

૧. શ્રી પ્રભુલાલ મોહનલાલ ઘીયા, રાજકોટ; ૨. શ્રી મનુભાઈ કામદાર, વડોદરા; ૩. શ્રી નવમાલિકાબેન મહેતા, વડોદરા; ૪. શ્રી જગુભાઈ કોઠારી તથા કાંતાબેન કોઠારી, મુંબઈ; ૫. શ્રી કાંતાબેન મહાસુખલાલ અજમેરા, નાગપુર, હ. દીપકભાઈ તરફથી ઓડિયો ટેપમાં ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું.

ગુરુજન્મોત્સવના આ મંગલ અવસર પર [illegible] પ્રાપ્ત થઈ હતી—

| | |
|---|---|
| * પ્રાસંગિક મંડલવિધાન ખાતે | ૫૦૦૫ |
| * પ્રાસંગિક ભોજન ખાતે | ૫૦૦૧ |
| * રૂ. '૫૦૧'ની વધાઈના [illegible] | ૯૩૬૮૭ |
| * રૂ. '૧૦૦૧'ની વધાઈના [illegible] | ૨૩૦૨૩ |
| * રથયાત્રાબોલી | ૫૩૫૦૮ |
| * '૧૦૪' × ૯૧૩ | ૯૪૯૫૨ |
| * આરતી........ | ૯૭૫૦ |
| * જન્મવધાઈ–સ્ટેજ, રથયાત્રા, [illegible] | ૨૧૩૮૩ |
| * પૂજનસામગ્રી ખાતે | ૬૧૫૬ |
| * કાયમી 'વૈશાખ સુદ–૨'ના [illegible] ખાતે | ૫૧૦૦૧ |
| * કાયમી મંડલવિધાનપૂજા ખાતે | ૪૦૦૦૪ |
| * સંસ્થાને 'વોટરકુલર' ભેટ માટે | ૧૦૦૦૦૧ |
| * '૧૦૪'મી જન્મજયંતી મહોત્સવ ખાતે | ૧૪૧૦૦૧ |
| * અન્ય શુભ ખાતે | ૪૫૭૮૬ |
| કુલ રૂ. | ૬,૯૦૨૫૮ |

* પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની તૃતીય સાંવત્સરિક સમાધિતિથિ તા. ૪–૫–૮૩ થી તા. ૮–[illegible] (વૈશાખ વદ–૩)—પાંચ દિવસ ધાર્મિક કાર્યક્રમના રૂપમાં, તેઓશ્રીના જ્ઞાન–વૈરાગ્ય–[illegible] તેમ જ ઉપકારોના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીન વાતાવરણમાં સાદગીથી સંપન્ન થઈ. બહારગામના મુમુક્ષુમહેમાનોની ઉપસ્થિતિના કારણે આ પ્રસંગે આયોજિત શ્રી પંચપરમેષ્ઠિમંડળવિધાનપૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પૂરું ભરાઈ જતું હતું. સવાર–સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન ઉપરાંત બપોરે પાંચે દિવસ 'બહેનશ્રીની સાધના અને વાણી' ગ્રંથ ઉપર શાસ્ત્રવાંચન થયા હતા. તે વખતે બહેનશ્રી દ્વારા લઘુ વયમાં કરવામાં આવેલી સાધના, અનુપમ સમ્યક્ પુરુષાર્થ તેમ જ [illegible] 'અનુભવીની અમૃતવાણી' વગેરે સાંભળતાં, તેમના ઉપકાર સ્મરણથી ભક્તોના હૃદય વિરહવેદનાથી દ્રાવિત થઈ જતા હતા. સમાધિતિથિ (વૈશાખ વદ–૩)ના રોજ શ્રી પંચપરમેષ્ઠિમંડળવિધાનપૂજાના સમાપન બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને સમૂહદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે સમયે પણ તેઓની ઉપકારસ્મૃતિ તીવ્રતાથી જાગી ઉઠતાં અનેકના હૃદય દ્રવિત અને નેત્ર અશ્રુભીના થઈ ગયા હતા.

આ પ્રસંગ નિમિત્તે વડોદરાનિવાસી શ્રી મનુભાઈ પાનાચંદ કામદાર તરફથી પ્રવચનોની ઓડિયો કેસેટમાં ૨૫% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું. —❀—

## વૈરાગ્ય સમાચાર :—

* શ્રીમતી હંસાબેન પ્રફુલચંદ તુરખીયા (–શ્રી રતીલાલ પ્રેમચંદ શાહ, વિંછીયા વાળાના સુપુત્રી) (વર્ષ–૫૦) તા. ૮–૨–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉમરાળાનિવાસી શ્રી રમણીકલાલ ગોકળદાસ નાણાવટી (વર્ષ–૫૪) તા. ૪–૩–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી શ્રી ચંપાબેન ઈશ્વરલાલ ઘડિયાળી (વર્ષ–૯૩) તા. ૯–૩–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી શ્રી જ્ઞાનેષ રસીકલાલ જગજીવન શાહ (વર્ષ ૨૪) તા. ૧૦–૩–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી (હાલ મુંબઈ) શ્રી હસમુખલાલ રતીલાલ દોશી (વર્ષ–૫૮) તા. ૧૬–૩–૯૩ ના રોજ છેલ્લે સુધી ગુરુ-સ્મરણ ને આત્મજાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

* કચ્છનિવાસી (હાલ મલાડ) શ્રી ગાંગજીભાઈ ગંગર (–શ્રી ચંપકભાઈ માસ્તરના મોટાભાઈ) (વર્ષ–૬૯) તા. ૧૮–૩–૯૩ ના સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ મુંબઈ) શ્રી પંકજકુમાર શાંતિલાલ નાગરદાસ ભાયાણી (વર્ષ–૩૩) તા. ૧૯–૩–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સાંતાક્રુઝ–પાર્લાના દરેક ધાર્મિક કાર્યક્રમમાં સક્રિય ભાગ લેતા હતા.

* વિંછીયાનિવાસી (હાલ મુંબઈ) શ્રી સવાઈલાલ પ્રેમચંદ ડગલી (વર્ષ–૭૫) તા. ૨૨–૩–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચુડાવાળા શ્રી ચંદુલાલ છગનલાલ ગોસલીયા તા. ૨–૪–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શાહ ધીરજલાલ ડાયાભાઈ (વર્ષ–૯૪) તા. ૧૬–૪–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નવરંગપુરા મુમુક્ષુ મંડળના માનદ્ મંત્રી શ્રી રતિલાલ કેશવલાલ ગાંધી તા. ૨૯–૪–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દાહોદ નિવાસી શ્રી જવાહરલાલ પન્નાલાલ (શ્રી કનુભાઈ પન્નાલાલના વડીલ બંધુ) તા. ૨૫–૪–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના.

[તા. ૧૩-૫-૯૩]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

વઢવાણ નિવાસી શ્રી રંભાબેન પોપટલાલ વોરા
(હસ્તે શ્રી હસમુખભાઈ વોરા) તરફથી

## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં આનંદોલ્લાસહ ઉજવાયેલો ૧૦૪મો શ્રી કહાનગુરુ-જન્મોત્સવ

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના માનનીય અધ્યક્ષ મહોદય શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા દ્વારા, તેમના માતુશ્રી શ્રી રંભાબેન પોપટલાલ વોરાના નામથી ઉજવાયેલ આપણા તારણહાર, અધ્યાત્મયુગપ્રવર્તક, માર્ગપ્રકાશક, સ્વાનુભવવિભૂષિત, પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૧૦૪મા મંગલ જન્મોત્સવની શાન-શોભા અદ્ભુત હતી. શ્રી હસમુખભાઈ તમ જ તેમના ધર્મપત્ની શ્રીમતી કળાબેનને ગુરુ-જન્મોત્સવ ઉજવવાનો એટલો બધો આનંદોલ્લાસ હતો કે પરમાગમમંદિર તેમ જ પ્રવચન-પંડાલ (મંડપ)ને વિભિન્ન શણગારોથી વિભૂષિત કરવા માટે લાલ ને કેસરી રંગના અતિ રમણીય ધજા-પતાકા તેમ જ વિભિન્ન મોતીઓથી નિર્મિત શ્રી જિનસહસ્રનામવિધાન-પૂજા માટે અતિ મનોજ્ઞ માંડલું આદિ કેટલીય સામગ્રી ગુરુભક્તિપૂર્ણ પરિશ્રમ લઈને સ્વયં બનાવી હતી તેમ જ બનાવરાવી હતી. તેમનો અને સમગ્ર મુમુક્ષુસમાજનો ઉલ્લાસભીનો ઉત્સાહ જોઈને એવો અનુભવ થતો હતો કે જૈન-જગતમાં જે મહિમા દેવાધિદેવ તીર્થંકર ભગવંતોના જન્મકલ્યાણક અવસરનો છે તેવો મહિમા મુમુક્ષુહૃદયમાં તીર્થંકરોપમ-તારણહાર આપણા પરમોપકારી કહાનગુરુદેવના મંગલ જન્મદિનનો છે. ખરેખર, એવા અસાધારણ ઉપકારમેરુ માર્ગપ્રકાશક અધ્યાત્મયુગસ્રષ્ટાના જન્મના કારણે વૈશાખ સુદ બીજ મુમુક્ષુઓનો પાવન પર્વ બની ગઈ.

તા. ૧૯ થી તા. ૨૩ એપ્રિલ-પાંચ દિવસ અત્યાનંદોત્સાહ પૂર્વક ઉજવાયેલ આ મંગળ અવસરે ગુરુ-ઉપકારમહિમા-પ્રકાશિની ભગવતી માતા કલ્યાણમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પ્રત્યક્ષ-અનુપસ્થિતિ બધાને ખટકતી હતી. જો તેઓશ્રીની ઉપસ્થિતિ હોત તો આ ગુરુ-જન્મોત્સવની રોનક કાંઈ જુદી જ હોત! તેમ છતાં જાણે કે તેઓશ્રીની મંગલ ઉપસ્થિતિ હોય તેમ મુમુક્ષુસમાજે ગુરુ-જન્મોત્સવ અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવ્યો હતો.

ગુરુજન્મોત્સવના આ મંગલ અવસરે દેશવિદેશના ૨૫૦૦થી અધિક પધારેલ મુમુક્ષુ મહેમાનો સહિત આપણા આદરણીય આદર્શ આત્માર્થી ગુરુભક્ત પંડિતરત્ન

[ અનુસંધાન માટે જુઓ પાનું-૨૩ ]

## ✻ આત્મામાં મતિશ્રુતને જોડ ✻

જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું ?—કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી, વારંવાર બુદ્ધિપૂર્વક સ્વ તરફ જોડાણ કરવું. પૂર્ણ જ્ઞાનાનંદ ભગવાન આત્મામાં ફરીફરીને મતિશ્રુતને જોડવા. તેથી ભ્રાંતિનો નાશ થશે, ભ્રાંતિગત અજ્ઞાનદશાનો નાશ થશે, મિથ્યાત્વનો નાશ થશે કે જે દુઃખનું મૂળ છે.

—અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-